dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-08 | Issue-247 | AD-2025, Jeth Sud-15 | Wednesday, Dt.11-06-2025 | Editor: Vasant Movliya : Phone: (02792) 225225 | E-mail: sanjognews@gmail.com | Page-08 Price: Rs.3-00


## ત્રણ યુવાનોની શોધખોળ ચાલુ, તમામ યુવાનો જયપુરના હોવાનુ ખુલ્યુ

# રાજસ્થાના ટોંકમાં બનાસ નદીમાં ન્હાવા પડેલા ૧૧ યુવાનો ડૂબ્યા : ૮ના મોત

(એચ.એસ.એલ),જયપુર,તા.૧૦

રાજસ્થાનના ટોંકમાં એક દુઃખદ અકસ્માત થયો હતો, જ્યારે જયપુરના ૧૧ યુવાનો બનાસ નદીમાં ન્હાવા ગયા હતા અને જોરદાર પ્રવાહમાં તણાઈ ગયા હતા. બધા યુવાનો પિકનિક મનાવવા માટે બપોરે ૧૨ વાગ્યે નદીના જૂના પુલ પાસે પહોંચ્યા હતા. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, બધા યુવાનો એકસાથે નદીમાં ન્હાવા માટે ઉતર્યા હતા, પરંતુ થોડા સમય પછી જોરદાર પ્રવાહને કારણે એક પછી એક ઊંડાણમાં ગયા અને ડૂબવા લાગ્યા. સ્થાનિક ગ્રામજનોએ એલાર્મ વગાડ્યો અને તાત્કાલિક પોલીસને જાણ કરી. માહિતી મળતાં જ ટોંક પોલીસ, વહીવટીતંત્ર અને એસડીઆરએફ ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ અને બચાવ કામગીરી શરૂ કરી. અત્યાર સુધીમાં ૮ યુવાનોના મૃતદેહ મળી આવ્યા છે, જ્યારે બાકીના ૩ની શોધ ચાલુ છે. બધાને સઆદત હોસ્પિટલમાં લાવવામાં આવ્યા, જ્યાં ડોક્ટરોએ ૮ યુવાનોને મૃત જાહેર કર્યા.



સ્થાનિક લોકોએ જણાવ્યું કે નદીનો આ ભાગ ઊંડો છે અને અહીં કોઈ ચેતવણી બોર્ડ કે સુરક્ષા વ્યવસ્થા નથી. આ જૂનો પુલ વિસ્તાર છે, જ્યાં લોકો ઘણીવાર માહિતી વિના ન્હાવા જાય છે.ઘટનાના સમાચાર મળતા જ સઆદત હોસ્પિટલમાં મરનારના સગાસંબંધીઓ અને સ્થાનિક લોકોની ભીડ એકઠી થઈ ગઈ. ચીસો અને શોકભર્યા વાતાવરણ વચ્ચે મૃતકોની ઓળખ કરવામાં આવી હતી. બધા યુવાનો જયપુરના રહેવાસી હોવાનું કહેવાય છે. એસપી વિકાસ સાંગવાને આ અકસ્માતને ખૂબ જ દુઃખદ ગણાવ્યો હતો અને લોકોને નદીમાં સ્નાન કરતી વખતે ખૂબ જ સાવધાની રાખવા અને માહિતી વિના ઊંડા પાણીમાં ન જવાની અપીલ કરી હતી. બચાવ કામગીરી હજુ પણ ચાલુ છે અને વધારાના ડાઈવર્સ બોલાવવામાં આવ્યા છે.વહીવટીતંત્રે આ બાબતને ગંભીરતાથી લીધો છે અને તપાસ અને રાહત કાર્યને વધુ તીવ્ર બનાવ્યું છે. પોલીસ મૃતકોના સંબંધીઓનો સંપર્ક કરી રહી છે તરવૈયાઓની ટીમ અને પ્રસાશન ગુમ થયેલા યુવાનોની શોધ કરી રહી છે.

### ચેતવણીનું બોર્ડ ન હોવાથી યુવકોને ઊંડાઈની જાણ ન થઈ

જાણકારી અનુસાર યુવકો અહીં પિકનિક મનાવવા માટે આવ્યા હતા. જોકે બાદમાં એક બાદ એક ડૂબવા લાગ્યા, પછી સ્થાનિકોએ પોલીસને જાણ કરી. સ્થાનિકોનું કહેવું છે કે નદીનો આ હિસ્સો ખૂબ જ ઊંડો છે, તેમ છતાં ચેતવણી માટે કોઈ બોર્ડ લગાવવામાં આવી નથી. જેના કારણે ઘણીવાર લોકો જાણકાર વિના ન્હાવા માટે કૂદી પડતાં હોય છે. પરિજનોની રોકકળના કારણે હોસ્પિટલમાં ગમગીન માહોલ સર્જાયો હતો. SP વિકાસ સાંગવાને લોકોને જાણકારી વિના પાણીમાં ન ઉતરવા અપીલ કરી છે.


### આઠ લોકોના મોત પર સીએમ ભજનલાલ શર્માએ દુઃખ વ્યક્ત કર્યું

રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્માએ 'X' પર પોસ્ટ કરીને લખ્યું કે, 'ટોંક જિલ્લામાં બનાસ નદીમાં ડૂબવાથી યુવાનોના મૃત્યુના સમાચાર ખૂબ જ દુઃખદ છે. ઘટનાની માહિતી મળતાં જ જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓને તાત્કાલિક બચાવ અને રાહત કામગીરી હાથ ધરવા સૂચના આપવામાં આવી હતી. હું ભગવાનને પ્રાર્થના કરું છું કે તેઓ મૃતકોના આત્માઓને શાંતિ આપે અને મૃતકોના પરિવારોને આ અપાર દુઃખ સહન કરવાની શક્તિ આપે.'

# દેશમાં કોરોનાનો ફૂંફાડો : એક્ટીવ કેસની સંખ્યા ૬૮૧૫ પર પહોંચી

ન્યૂ દિલ્હી,તા.૧૦

દેશમાં કોરોનાના કેસ ઝડપથી વધી રહ્યા છે. એક્ટિવ કેસની સંખ્યા ૬૮૧૫ પર પહોંચી ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં ૩૨૪ નવા કેસ સામે આવ્યા છે. કેરળમાં સૌથી વધુ ૨૦૫૩ કેસ છે. ત્યારબાદ ૯૮૦ કેસ સાથે ગુજરાત બીજા નંબરે છે. આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર, કોરોનાના નવા વેરિઅન્ટને કારણે ૧૨ રાજ્યોમાં ૬૮ દર્દીઓના મોત થયા છે. સોમવારે, કેરળ, દિલ્હી અને ઝારખંડમાં ૧-૧ દર્દીએ પોતાનો જીવ ગુમાવ્યો છે. મહારાષ્ટ્રમાં



સૌથી વધુ ૧૮ લોકોના મોત નોંધાયા છે. સોમવારે મધ્યપ્રદેશના ગ્વાલિયરમાં ૩ ડોકટરો સહિત ૬ નવા કેસ નોંધાયા હતા. આ પછી, જિલ્લા વહીવટીતંત્ર અને આરોગ્ય વિભાગ હાઈ એલર્ટ પર છે. મધ્યપ્રદેશમાં હાલમાં ૪૩ એક્ટિવ કેસ છે. કોરોનાના વધતા જતા કેસ વચ્ચે, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ સોમવારે રાજ્યના તમામ મુખ્ય વિભાગોના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. મમતાએ કહ્યું- આશા છે કે મહામારી ફરી નહીં આવે, પરંતુ આપણે તૈયાર રહેવું પડશે. રાજ્યની સરકારી હોસ્પિટલોમાં સારવાર માટે સંપૂર્ણ વ્યવસ્થા છે, તેથી લોકોએ ગભરાવાની જરૂર નથી.ભારતનાં અનેક રાજ્યોમાં નવા કોવિડ-૧૯ કેસોમાં વધારો થવા વચ્ચે દેશમાં ચાર નવા પ્રકારો મળ્યા છે. ICMRના ડિરેક્ટર ડૉ. રાજીવ બહલે જણાવ્યું હતું કે દક્ષિણ અને પશ્ચિમ ભારતમાંથી ક્રમબદ્ધ કરાયેલા વેરિયન્ટ LF.7, XFG, JN.1 y™u NB.1.8.1 શ્રેણીના છે.અન્ય સ્થળોએથી સેમ્પલ લેવામાં આવી રહ્યાં છે અને સિક્વન્સિંગ કરવામાં આવી રહ્યું છે, જેથી નવા વેરિયન્ટ શોધી શકાય. આ કેસ બહુ ગંભીર નથી અને લોકોએ ચિંતા ન કરવી જોઈએ, ફક્ત સાવધાન રહેવું જોઈએ, જોકે WHOએ આને ચિંતાજનક ગણ્યું નથી, પરંતુ એને દેખરેખ હેઠળના વેરિયન્ટ તરીકે વર્ગીકૃત કર્યા છે. ચીન સહિત અન્ય એશિયન દેશોમાં કોવિડના વધતા જતા કેસોમાં આ જ વેરિયન્ટ જોવા મળી રહ્યો છે, જોકે A435S, V445H, અને T478I suðk NB.1.8.1 ના સ્પાઈક પ્રોટીન મ્યુટેશન અન્ય વેરિયન્ટ કરતાં વધુ ઝડપથી ફેલાય છે. કોવિડ સામે વિકસિત રોગપ્રતિકારક શક્તિ પણ તેના પર અસર કરતી નથી.







# દિલ્હીના એક એપાર્ટમેન્ટમાં ભીષણ આગ, બિલ્ડિંગ પરથી કૂદવાથી પિતા અને બે બાળકોના મોત



(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૦

દિલ્હીના દ્વારકા સેક્ટર-૧૩માં ભીષણ આગ લાગી હતી. ૮ ફાયર એન્જિન ઘટનાસ્થળે પહોંચી ગયા છે. આ અકસ્માતમાં ત્રણ લોકોએ જીવ ગુમાવ્યા છે. બિલ્ડિંગ પરથી કૂદવાથી પિતા સહિત બે બાળકોના મોત થયા છે. બિલ્ડિંગમાં લાગેલી આગ બુઝાવવાનું કામ હજુ પણ ચાલુ છે.એપાર્ટમેન્ટમાં લાગેલી આગને કારણે ગભરાટનું વાતાવરણ સર્જાયું હતું. આખા એપાર્ટમેન્ટને ઉતાવળમાં ખાલી કરાવવામાં આવ્યું હતું. તેમ છતાં, કેટલાક લોકો ફસાયા હોવાની શક્યતા છે. આ અકસ્માતમાં બે બાળકો સહિત ત્રણ લોકોના મોત થયા છે. પોલીસ ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે.

એપાર્ટમેન્ટમાં આગની જ્વાળાઓ દૂર દૂર સુધી વધતી જોવા મળી હતી. આગ ઝડપથી અન્ય માળ તરફ પણ ફેલાઈ રહી છે. આવી સ્થિતિમાં, બિલ્ડિંગના અન્ય માળ અને નજીકની ઈમારતોના લોકો પણ ડરી રહ્યા છે કે આ જ્વાળાઓ તેમના ઘરોને પણ બાળી શકે છે.

બીજી તરફ, રવિવારે મોડી રાત્રે દિલ્હીના દિલશાદ ગાર્ડનમાં આગની ઘટના નોંધાઈ હતી. દિલશાદ ગાર્ડનની કોડી કોલોનીમાં ઈ-રિક્ષા ચાર્જ કરતી વખતે આગ લાગી હતી. આ અકસ્માતમાં બે લોકોએ જીવ ગુમાવ્યા હતા. જીવ ગુમાવનારાઓમાં એક ૨૪ વર્ષીય યુવક અને એક ૬૦ વર્ષીય વૃદ્ધનો સમાવેશ થાય છે.ફાયર વિભાગને રાત્રે ૧૧:૩૨ વાગ્યે આગ લાગવાની માહિતી મળી હતી. ત્યારબાદ ચાર ફાયર એન્જિન ઘટનાસ્થળે પહોંચીને આગ પર કાબુ મેળવ્યો હતો. આગમાં બે ઈ-રિક્ષા અને કેટલીક મોટરસાઈકલ બળીને ખાખ થઈ ગઈ હતી.









સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
બુધવાર, તા.૧૧-૦૬-૨૦૨૫

# અમરેલીમાં એસ.ટી.કર્મચારીઓની અચાનક જ હડતાલ

**બહારના વ્યક્તિઓ અધિકારીઓને અને કર્મચારીઓને હેરાન કરતા હોવાની રાવ**



અમરેલી,તા.૧૦

અમરેલીમાં ST કર્મચારીઓએ અચાનક હડતાળનું એલાન કરતાં બસ સેવા લગભગ અડધા કલાક સુધી ઠપ્પ થઈ ગઈ હતી, જેના કારણે મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.ST કર્મચારી મંડળના પ્રમુખ પંકજભાઈ જાનીના જણાવ્યા અનુસાર, કેટલાક બહારના વ્યક્તિઓ દ્વારા કર્મચારીઓ અને અધિકારીઓને વારંવાર હેરાન કરવામાં આવી રહ્યા છે. તંત્ર દ્વારા આ બાબતે કોઈ યોગ્ય કાર્યવાહી ન થતાં, કર્મચારીઓએ વિરોધ સ્વરૂપે હડતાળનો માર્ગ અપનાવ્યો હતો.ઘટનાની જાણ થતાં જ ST વિભાગીય નિયામક કચેરીના ડિવિઝનલ કંટ્રોલર તુરંત ST ડેપો પહોંચ્યા હતા અને પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. ત્યારબાદ તેઓ અમરેલી સિટી પોલીસ સ્ટેશન પહોંચીને બહારના શખ્સો વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવાની પ્રક્રિયા હાથ ધરી હતી. આ સમયે ST ડેપો મેનેજર, ST વિભાગના અધિકારીઓ, અને મોટી સંખ્યામાં કર્મચારીઓ પોલીસ સ્ટેશન ખાતે હાજર રહ્યા હતા.

# ધારીના સોઢાપરામાં દીપડાએ હુમલો કરતા આધેડનું મોત

**દીપડાના હુમલા વધતા જતા ગ્રામજનોમાં ભયનો માહોલ**

અમરેલી,તા.૧૦

અમરેલી જિલ્લામાં દીપડાની રંજાડ દિન-પ્રતિદિન વધતી જાય છે. વનવિભાગની બેદરકારીને કારણે દીપડાઓ વન વિસ્તાર છોડી ગ્રામ્ય વિસ્તાર સુધી પહોંચી રહ્યાં છે. જેથી વનવિભાગની કામગીરી સામે ગ્રામજનોમાં ભારે રોષ ફેલાયો છે. હજુ ગઈકાલે જ અમરેલીના વાંકીયા ગામે એક યુવાન પર દીપડાએ હુમલો કર્યો હોવાનો બનાવ તાજો છે ત્યારે ધારીના સોઢાપરામાં બે દિવસ પહેલા દીપડાએ કરેલા હુમલામાં આધેડનું મોત નિપજ્યુ હોવાના



સમાચાર મળી રહ્યાં છે. ધારીના સોઢાપરા ગામે રહેતા ૫૦ વર્ષીય રમેશભાઈ શંભુભાઈ મસાલીયા પોતાની ઘરે હતા ત્યારે દીપડાએ હુમલો કરતા તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જો કે સારવાર દરમિયાન આધેડનું મોત નિપજ્યુ હતુ. દીપડો છેક ઘર સુધી પહોંચી હુમલો કરતા ગ્રામજનોમાં પણ ભયનો માહોલ છવાયો છે.

# રાજુલામાં અહીં શું કામ આવ્યા છો તેવી ટકોર કરતાં ઝઘડો કર્યો

**સિક્યોરિટી ગાર્ડે ફરિયાદ નોંધાવી**

રાજુલા, તા.૧૦

રાજુલામાં સિક્યોરિટી ગાર્ડ તરીકે નોકરી કરતાં પુરુષે એક યુવકને અહીં શું કામ આવ્યા છો તેવી ટકોર કરતાં તેની સાથે ઝઘડો કરી ઢીકાપાટુનો મુંઢ માર માર્યો હતો. બનાવ અંગે ફિરોજખાન હાશમખાન પઠાણે પપ્પુભાઈ પરમાર સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ રાજુલા મુકામે આવેલા નવા પાણીના ટાંકાએ સિક્યોરિટી ગાર્ડ તરીકે નોકરી કરતા હતા. તેમણે સામાવાળાને અહીં શું કામ આવ્યા છો તેવી ટકોર કરતાં જેમ ફાવે તેમ ગાળો આપી ઝઘડો કરીને શરીરે ઢીકાપાટુનો મુંઢ માર માર્યો હતો. રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે વી રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં તા.૨૩થી ધો.૧૦-૧૨ની પૂરક પરિક્ષા યોજાશે

અમરેલી,તા.૧૦

અમરેલી શહેરમાં તા. ૨૩ જૂનથી શરૂ થતી પૂરક પરીક્ષાઓ માટેની તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. આ પરીક્ષાઓ શહેરની વિવિધ શાળાઓ જેવી કે પારેખ અને મહેતા વિદ્યાલય (લીલાવંતી), ગાંધી મ્યુનિ. ગર્લ્સ હાઈસ્કુલ, અજમેરા ગર્લ્સ હાઈસ્કુલ, સેંટ મેરી, વિરાણી ગર્લ્સ હાઈસ્કુલ (યુનિટ-૦૧ અને યુનિટ-૦૨), સરસ્વતી માધ્યમિક વિદ્યામંદિર, વિશેષ વિદ્યાપીઠ, ઓક્સફોર્ડ હાઈસ્કુલ (યુનિટ-૦૧ અને યુનિટ-૦૨), ઝાલાવડિયા હાઈસ્કુલ, અને પાઠક હાઈસ્કુલ સહિતના સ્થળોએ યોજાશે. આ તમામ પરીક્ષા કેન્દ્રો પર સીસીટીવીની સુવિધા ઉપલબ્ધ રહેશે. જિલ્લા શિક્ષણાધિકારી ગોહિલના જણાવ્યા અનુસાર, ધોરણ ૧૦ ની પરીક્ષા તા. ૨૩ જૂન થી તા. ૧ જુલાઈ દરમિયાન સવારે ૧૦ થી બપોરે ૧.૧૫ વાગ્યા સુધી ૧૨ બિલ્ડિંગના ૧૧૬ બ્લોક્સમાં યોજાશે, જેમાં આશરે ૩,૪૮૦ વિદ્યાર્થીઓ ભાગ લેશે. ધોરણ ૧૨ (સામાન્ય પ્રવાહ) ની પરીક્ષા તા. ૨૩ જૂન થી તા. ૩ જુલાઈ દરમિયાન સવારે ૧૦.૩૦ થી બપોરે ૧.૪૫ વાગ્યા સુધી ૦૨ બિલ્ડિંગના ૨૦ બ્લોક્સમાં લેવાશે, જેમાં આશરે ૬૦૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. જ્યારે, ધોરણ ૧૨ (વિજ્ઞાન પ્રવાહ) ની પરીક્ષા તા. ૨૩ જૂન થી તા. ૩૦ જૂન દરમિયાન બપોરે ૩ થી સાંજે ૬.૩૦ વાગ્યા સુધી ૦૩ બિલ્ડિંગના ૩૦ બ્લોક્સમાં યોજાશે, જેમાં આશરે ૯૦૦ વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષા આપશે. જિલ્લા પંચાયત ખાતે યોજાયેલી આ બેઠકમાં મદદનીશ પોલીસ અધિક્ષક વલય વૈદ્ય, એસટી, આરોગ્ય સહિત વિવિધ કચેરીઓના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વિસાવદર ચૂંટણી અંતર્ગત જાહેરનામુ પ્રસિધ્ધ કરાયુ

અમરેલી, તા.૧૦

વિસાવદર વિધાનસભા પેટા ચૂંટણી અંતર્ગત અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના કડાયા-શાપર-લુંઘીયા અને સુડાવડનો ચૂંટણી વિસ્તારમાં સમાવેશ થતો હોવાથી હાલ આ ગામોમાં આદર્શ આચારસંહિતા અમલી છે. અમરેલી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટે ચૂંટણી પ્રચારમાં રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના ટેકેદારો દ્વારા સભા-સરઘસ અંતર્ગત લાઉડ સ્પીકરના ઉપયોગ માટે પ્રતિબંધાત્મક આદેશ ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ કર્યુ છે. સ્પીકર વગાડવા માટે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલી પરવાનગીની શરતોનું પાલન કરવું. નિયમોને આધીન લાઉડ સ્પીકર સવારે ૦૬.૦૦ થી રાતે ૧૦.૦૦ વાગ્યા સુધી વગાડવા. પરવાનગી મેળવી હોય તેમ છતાં પરવાનગીના સ્થળ નજીક સરકારી કે અર્ધ સરકારી કચેરીઓ, શૈક્ષણિક સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓ કે, દવાખાના આવેલા હોય તો અડચણ ન થાય તેવી રીતે ધીમા અવાજે લાઉડ સ્પીકર વગાડવા જાહેરનામામાં ઉલ્લેખ કરાયો છે.

# પત્નીના પ્રેમસંબંધની જાણ થઈ જતાં પ્રેમીને જાનથી મારવાની ધમકી આપી

**ખાંભાના જામકા ગામના યુવકે ફરિયાદ નોંધાવી**

ખાંભા, તા.૧૦

ખાંભાના જામકા ગામે રહેતા એક યુવકને તેની પત્નિની પ્રેસસંબંધની જાણ થઈ ગઈ હતી. જેથી તેને ફોન કરીને જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ અંગે દિનેશભાઈ જીવાભાઈ રાઠોડે વિપુલભાઈ વિરજીભાઈ ગોહીલ તથા તેમના સાળા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત મુજબ, કામના ભોગબનનારને તેના ગામના વિપુલભાઈ ગોહીલની પત્નિ સાથે પ્રેમ સંબંધ હતો. તે અંગેની જાણ તેમને થઈ જતા તેણે તે અંગેનું મનદુ.ખ રાખી બન્નેએ ભોગબનનારને ફોન કરી ફોનમાં કોન્ફરસમાં વાત કરી જેમ-ફાવે બિભત્શ શબ્દોમાં તે ગાળો આપી હતી. ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી એસસી એસટી સેલના નાયબ પોલીસ અધિક્ષક પી આર રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# સા.કુંડલાના જેજાદ ગામે વાડીએ ભેંસોને પાણી પીવાની ના પાડતાં ગાળો આપી

**લાકડી લઈ મારવા પણ દોડ્યા**

સાવરકુંડલા, તા.૧૦

સાવરકુંડલાના જેજાદ ગામે વાડીએ ભેંસોને પાણી પીવાની ના પાડતાં ગાળો આપી હતી. તેમજ લાકડી લઈ મારવા દોડ્યાની ફરિયાદ નોંધાઈ હતી. બનાવ અંગે જયંતિભાઈ પ્રાગજીબાઈ બરવાળીયાએ નરશીભાઈ જીવરાજભાઈ બગડા, તેમના દિકરી તથા પત્નિ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, વાડીમાં લાઈટ ન હોવાના કારણે તેમણે ભેંસોને પાણી પાવાની ના પાડી હતી. જેથી આરોપી ઉશ્કેરાઈ ગયા હતા અને લાકડી લઈ મારવા દોડ્યા હતા. તેમજ જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

# સાવરકુંડલાના દોલતી ગામે બે વર્ષ પહેલાના પ્રેમલગ્નના મનદુખમાં યુવક પર હુમલો

**અમદાવાદના ઉત્તમનગરમાં રહેતા યુવકે ફરિયાદ નોંધાવી**

સાવરકુંડલા, તા.૧૦

સાવરકુંડલાના દોલતી ગામે બે વર્ષ પહેલાના પ્રમેલગ્નના મનદુખમાં યુવક પર હુમલો થયો હતો. બનાવ અંગે અમદાવાદના ઉત્તમનગરમાં રહેતા યુવકે ફરિયાદ નોંધાવી હતી. નિલેશભાઈ દિનેશબાઈ સંચાણીયાએ વિશાલભાઈ બટુકભાઈ કુંભાણી તથા ઘનશ્યામભાઈ બાબુભાઈ વિરાણી સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમણે બે વર્ષ પહેલા કરેલા પ્રેમલગ્નનું મનદુખ રાખી તેમને રસ્તામાં આડા ઉભા રાખ્યા હતા. જે બાદ લોખંડની પાઈપ ડાબા હાથના ઉપરના ભાગે મારતાં કાંડાના ભાગે ફેક્ચર થયું હતું. તેમજ મુંઢ ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સાવરકુંડલા તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ એમ રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલાના આંબરડી ગામમાં ફરી સિંહો દેખાયા, બે વાછરડાનો શિકાર

અમરેલી,તા.૧૦



સાવરકુંડલા તાલુકાના આંબરડી ગામમાં ત્રણ દિવસમાં ફરી એકવાર સિંહો દેખાયા છે. આજે વહેલી સવારે પાંચ વાગ્યે એક સિંહણ અને બે ડાલામથ્થા સિંહો ગામમાં ઘૂસી આવ્યા હતા. ગોબરભાઈ સોજીત્રાના ઘર પાસે જ આ સિંહોએ બે વાછરડાનો શિકાર કર્યો અને ત્યાં જ ભોજન માણ્યું. આ ઘટનાથી ગામના ચોકમાં આરામ કરતી ગાયોમાં ભાગદોડ મચી ગઈ હતી. સિંહોના ગામમાં પ્રવેશથી લોકોમાં ભયનો માહોલ છે. શાકમાર્કેટ નજીક પણ અન્ય એક વાછરડાનો શિકાર થયો હતો. આ બનાવથી ખેડૂતોમાં ચિંતા છે કારણ કે ગામમાં વારંવાર સિંહો પ્રવેશી રહ્યા છે, જેનાથી તેમની સુરક્ષા અને પશુધનને જોખમ છે. વન વિભાગ દ્વારા આ અંગે તાત્કાલિક પગલાં લેવામાં આવે તેવી ગ્રામજનોની માગ છે.

# જિલ્લામાં તા.૨૬થી ૨૮ દરમિયાન શાળા પ્રવેશોત્સવ યોજાશે

અમરેલી,તા.૧૦



અમરેલી જિલ્લામાં તા.૨૬ થી તા.૨૮ જૂન દરમિયાન શાળાની તમામ સરકારી પ્રાથમિક, માધ્યમિક, અનુદાનિત માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક, જ્ઞાનશક્તિ અને રક્ષાશક્તિ રેસિડેન્સિયલ શાળા સહિતની શાળાઓમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી કાર્યક્રમ યોજાશે. શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી કાર્યક્રમ-૨૦૨૫ના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલ રાજય કક્ષાની બ્રિફિંગ બેઠકમાં અમરેલી જિલ્લા કલેકટર અજય દહિયા અને જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા સહિત અમરેલી જિલ્લાના અને રાજયભરના અધિકારીઓ ઓનલાઈન જોડાયા હતા. મુખ્યમંત્રીએ વિકસિત ગુજરાત માટે શિક્ષણનું મહત્વ અને શિક્ષણ ક્ષેત્રે લાવવાના સકારાત્મક પરિવર્તન સહિતની બાબતોને આવરી લઈ ઉદ્દબોધન કર્યુ હતું. શિક્ષણ મંત્રીએ અને શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓએ શિક્ષણ વિભાગની વિવિધ યોજનાકીય સહાય અને શિક્ષણ વિભાગની નેમ અને લક્ષ્યાંક અને ભાવિ આયોજનનો ચિત્તાર રજૂ કર્યો હતો.







**નબળા-ગરીબ વર્ગના લોકોને આપવાનો જથ્થો**

# અમરેલી જિલ્લામાં રાશનનો ગેરકાયદે જથ્થો રાખનારા ત્રણ સામે પોલીસ ફરિયાદ નોંધાઈ

**મામલતદાર જ ફરિયાદી બન્યા**

અમરેલી, તા.૧૦

અમરેલી જિલ્લામાં કલેકટરે નબળા-ગરીબ વર્ગના લોકોને આપવાનો જથ્થો ગેરકાયદે ચાંઉ કરી જનારા ત્રણ લોકો સામે ફરિયાદ નોંધાવી હતી ખાંભા મુકામે રાજધાની હોટલ પાસે બંધ પડેલા બ્લોકના કારખાનામાંથી ઘઉ ૫૪૩ કિ.ગ્રા, ચોખા ૫૯૮૬ કિ.ગ્રા, ટ્રક-રીક્ષા મળી કુલ ૧૦,૦૯,૫૭૨ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ખાંભાના નવા માલકનેસ ગામે નવરંગ ચોક વિસ્તારમાં ઈકબાલભાઈ ગફારભાઈ ચોટલીયા તેમના વાહનમાં સબસિડીયુક્ત ઘઉ ૧૩.૯૨૦ કિ.ગ્રા, ચોખા ૫૬૯.૨૦૦ સહિત રૂ. ૬,૨૩,૮૧૩.૪૪ રૂપિયાના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. ખાંભાના ડેડાણ ગામે મફતપરા વિસ્તારમાં અફઝલ આદમ શેલોત ઘઉ ૫૪૩ કિગ્રા, ચોખા ૫૯૮૬ કિગ્રાના ગેરકાયદે જથ્થા સાથે ઝડપાયા હતા. પોલીસે .૬,૨૩,૮૧૩.૪૪/- નો મુદ્દામાલ સીઝ કર્યો હતો. પોલીસે ત્રણે સ્થળેથી મળી રૂપિયા ૨૨ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

વિદ્યાગુરૂ સાયન્સ સ્કૂલ
:: એડ્રેસ :: ગણેશ પાર્ટી પ્લોટ સામે, લાઠી રોડ, અમરેલી.
કાર્યક્ષેત્ર ::- ધો- 9 થી 12 સાયન્સ / કોમર્સ / RENEET
:: શૈક્ષણિક વિશેષતાઓ ::
✓ હવે અમરેલીના વિદ્યાર્થીઓ પણ (JEE - NEET) Foundation ની તૈયારી કરશે.
✓ જ્યાં થશે AdvanceMaths - Science, રીઝનિંગ, English અને GK ની અપ ટુ ડેટ Powerful તૈયારી..
મેગા સિટી જેવી આધુનિક Schooling System હવે અમરેલીમાં સૌપ્રથમ વાર...
ધો :- 9 & 10
થી જ JEE - NEET માટે એડવાન્સમાં જ તૈયારી કરાવતી એકમાત્ર સંસ્થા
... સ્કોલરશીપ યોજના ...
ધોરણ 8 | 95% ઉપર | 9મું FREE
ધોરણ 9 | 95% ઉપર | 10મું FREE
ધો. 8 - 9 માં 80% ઉપર મેળવનાર વિદ્યાર્થીઓ સ્કોલરશીપ પરીક્ષા આપી 50 માંથી મેળવેલ ગુણના આધારે સ્કોલરશીપ મેળવી શકશે.
#કન્યાકેળવણી અંતર્ગત તમામ દીકરીઓને 25% ફી માફી...
સિલેબસ 50 હેતુલક્ષી પ્રશ્નો:- 15 MATHS + 15 SCI. + 10 ENG. + 10 S.S.
કૃણાલ ધોળકીયા Maths ,M.Sc., B.Ed. અનુભવ 10 વર્ષ
96645 82254/95863 68637
પંડ્યા મનોજભાઇ Science ,M.Sc., B.Ed. અનુભવ 14 વર્ષ
ધો.11-12 કોમર્સ હવે વિદ્યાગુરૂ માં...
• Smart Board ધરાવતા ક્લાસ...
• અમરેલીના ખ્યાતનામ ધુરંધર અનુભવી શિક્ષકોની ટિમ.
ADMISSION OPEN - 2025
ધોરણ 11 થી જ CA,CS & CMA FOUNDATION ની તૈયારીઓ કરાવતી સંસ્થા..
ધો-10 માં A1 અને A2 ગ્રેડ લાવનાર વિદ્યાર્થીઓને ફી માફી મળશે...
#કન્યાકેળવણી અંતર્ગત તમામ દીકરીઓને 25% ફી માફી...
ભાઈઓ-બહેનો માટે શ્રેષ્ઠ હોસ્ટેલ તથા City વાહન સુવિધા ઉપલબ્ધ
93287 12928 / 76 220 220 86


## વતનના રતન દિલીપ સંઘાણીની ઉપસ્થિતિમાં મહાનુભાવો દ્વારા રક્તદાન કેમ્પ તથા વૃક્ષારોપણ કાર્યક્રમ

# માળીલા ખાતે ઈફકો દ્વારા પાક પરિસંવાદ કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૧૦

અમરેલીના માળીલા ખાતે ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી હાજરીમાં ઈફકો દ્વારા પરિસંવાદ કાર્યક્રમ યોજાયો હતો. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીજીના "વિકસીત ભારત" સ્વપ્ને માળીલા ગામના અઢારેય વરણને સાથે રાખીને માળીલાના જણ એવા દિલીપ સંઘાણીએ ચરિતાર્થ કરેલ છે. તેમ કાઉન્સિલ ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બોર્ડ તેમજ ઈફકો દ્વારા માળીલા ખાતે યોજાયેલ "ઈફકો પાક પરિસંવાદ" કાર્યક્રમને સંબોધતા પૂર્વ કેન્દ્રીય મંત્રી અને રાજકોટના સાંસદ પરશોતમભાઈ રૂપાલાએ જણાવ્યુ હતું. પરિસંવાદમાં ઉપસ્થિત ઈફકોના ડો.યોગેન્દ્રકુમારે જણાવેલ કે, માર્ગદર્શનના અભાવે થતા ખાતરના ઉપયોગથી પાક-જમીન અને હવા પ્રદુષિત થાય જેની સીધી અસર માનવજીવન





ઉપર પડે છે. જેથી અનેક પ્રકારના રોગો ઉત્પન્ન કરે છે. નેનો યુરીયા-નેનો ડીએપી પાકને પોષણ આપે છે. જમીન-હવા-પાણીને પ્રદુષિત કરતા નથી તેથી ખેતીમાં પ્રવાહી ખાતરનો ઉપયોગ કરવો જોઈએ. ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણીએ રાસાણીક ખાતરોને કારણે ગુણવતા ગુમાવી રહેલ જમીન અને ધરતીની માટીની રક્ષા માટે તેમજ પાકને જરૂરત મુજબના તત્વો મળી રહે તે માટે નેનો પ્રવાહી ખાતરનો ઉપયોગ અને છટકાવ વધારવા ખેડૂતોને અપીલ કરી હતી. કાર્યક્રમના સફળ આયોજનમા સમસ્ત માળીલા ગામ અને ખાસ કરીને ગામના યુવાનોના સહયોગને બિરદાવીને દિલીપ સંઘાણીએ અભિનંદન પાઠવ્યા હતા. પરિસંવાદના પ્રારંભે પધારેલા મહાનુભાવોનું શબ્દોથી સ્વાગત અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા દ્વારા કરવામાં આવ્યું હતુ. આ તકે પાક પરિસંવાદ સ્થળે રકતદાન કેમ્પ અને મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો. આ તકે, ઈફકો કલોલ પ્લાન્ટના પી.કે.સિંઘ, રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરીયા, પૂર્વ મેયર ડાંગર, નારણભાઈ કાછડીયા, મુકેશભાઈ સંઘાણી, મનિષભાઈ સંઘાણી, સ્ટેટ માર્કેટીંગ મેનેજર નિગમભાઈ ગજેરા, જયંતિભાઈ પાનસુરીયા, અમર ડેરીના એમ.ડી. ડો.આર.એસ.પટેલ, જીલ્લા બેંકના જનરલ મેનેજર બી.એસ. કોઠીયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.


CHANGE OF NAME

I KAMLIYA NAMAN S/O MANISHBHAI SALARBHAI KAMALIYA, RESI. KAMALIYA HOSPITAL, HOSPITAL ROAD, BAGASARA. HAVE CHANGE NAME AS KAMALIYA NAMAN MANISHBHAI FOR ALL PURPOSE, FOR ALL FUTURE PURPOSES.


## અવસાન નોંધ

**અમરેલી**

સ્વ. રમેશભાઈ ભાસ્કરભાઈ આચાર્ય (ઉ.વ.૬૭)નું તા. ૦૮/૦૬/૨૦૨૫ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તે હરેશભાઈ ભાસ્કરભાઈ આચાર્ય, સ્વ.દિપકભાઈ ભાસ્કરભાઈ આચાર્ય, પ્રકાશભાઈ ભાસ્કરભાઈ આચાર્ય તેમજ જયશ્રીબેન પંકજકુમાર ત્રિવેદીના મોટા ભાઈ, જલ્પાબેન દીપકભાઈ ભટ્ટ, ધારાબેન મનુકુમાર, પુજાબેન રાકેશકુમાર પંડયાના પિતાશ્રી, કેયુર એચ આચાર્ય, ગૌરાંગ ડી આચાર્ય, દર્શન પી આચાર્યના મોટા બાપુજી છે. તેમનું સદગત બેસણુ તા.૧૨/૦૬/૨૦૨૫ને ગુરુવારના રોજ તેમના નિવાસ્થાને સનફ્લાવર ફ્લેટ પાર્કિંગ, યોગીનગર, લાઠી રોડ, અમરેલી ખાતે સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે રાખવામાં આવેલ છે.

# 'તારા છોકરાને સમજાવી દેજે, મારા છોકરા સાથે ઝઘડો કરે નહીં' તેમ કહી મહિલાને વાળ પકડી પછાડી

**ઢીકાપાટુનો માર પણ માર્યો, સામ સામી ફરિયાદ**

સાવરકુંડલા, તા. ૧૦

સાવરકુંડલામાં રહેતા એક મહિલાને તારા છોકરાને સમજાવી દેજે, મારા છોકરા સાથે ઝઘડો કરે નહીં તેમ કહી વાળ પકડીને પછાડી હતી. તેમજ ઢીકાપાટુનો માર પણ માર્યો હતો. બનાવ અંગે સોનલબેન માસાભાઈ માથાસુળીયાએ દેવાભાઈ રૂડાભાઈ, સંજયભાઈ રૂડાભાઈ, મંજુબેન દેવાભાઈ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ પોતાના ઘરે હતા તે દરમિયાન તેમના જેઠ ઘરે આવ્યા હતા અને તારા છોકરીને સમજાવી દેજે મારા છોકરા સાથે ઝઘડો કરે નહીં તેમ કહી પાણો હાથથી પકડી માથામાં માર માર્યો હતો. તેમજ ઢીકાપાટુનો માર મારી વાળ પકડી પછાડી દીધી હતી અને ઘર મુકીને જતા રહેવાની ધમકી આપી હતી. જે બાદ દેવાભાઈ રૂડાભાઈ માથાસુળીયાએ માસાભાઈ રૂડાભાઈ માથાસુળિયા, અનિલભાઈ રાયધનભાઈ, સોનલબેન માસાભાઈ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તથા તેનો નાનો દિકરો મયુર અને તેનો નાનો ભાઈ માસાભાઈ રૂડાભાઈ માથાસુળીયાના દિકરો ઝઘડ્યા હતા. જેના મનદુખમાં ગાળો બોલી તારા દિકરાએ મારાદિકરા સાથે ખૂબ જ ઝઘડો કર્યો છે. તમે અહીંથી જતા રહો કહી ગાળો બોલી માર મારી જતા રહ્યા હતા. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ સંજયભાઈ બાબુભાઈ મારૂ વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલામાં નવનાત સમસ્ત વણિક સમાજ દ્વારા સર્વ રોગ નિદાન કેમ્પ યોજાયો



રાજુલા, તા.૧૦

રાજુલા શહેરમાં પ્રથમવાર નવનાત વણિક સમાજ દ્વારા સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ. આ કેમ્પમાં જય અંબે મલ્ટી સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ ચાપરડાના ડોક્ટરોએ વિશેષ સેવા આપી હતી. આ કેમ્પમાં અંદાજિત ૨૨૫ જેટલા દર્દીઓએ લાભ લીધો હતો. આ કેમ્પમાં સ્પેશિયલ એમ.ડી, દાંતના ડોક્ટર, આંખના રોગના ડોક્ટર, એમ.એસ. જનરલ સર્જન કાન નાક ગળાના નિષ્ણાત, હાડકાના નિષ્ણાંત ડોક્ટરો ખાસ હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન સમસ્ત વણિક સમાજ રાજુલા દ્વારા કરવામાં આવ્યું હતું.


શ્રી સ્વામિનારાયણ શ્રધ્ધા જ્યોત ટ્રસ્ટ સંચાલિત
શ્રીજી વિદ્યાર્થી ભુવન
શ્રી સરસ્વતી વિદ્યાલય
- ટ્રેક્નોલોજી એડેડ સ્કૂલ - સંપૂણ AC સ્કૂલ
- પોસાય તેવી ફી - કુદરતી વાતાવરણ વચ્ચે વિશાળ કેમ્પસ
- માઇન્ડ પાવર અને સેલ્ફ ડેવલપમેન્ટ માટે મોટીવેશનલ પોગ્રામ
ધોરણ :-૪ થી ૧૨
હોસ્ટેલની ઉત્તમ સુવિધા
દિપકભાઈ પી. વઘાસિયા સંચાલકશ્રી
વિલાસબેન ડી. વઘાસિયા સંચાલકશ્રી
સંપૂર્ણ કેળવણીનો અહેસાસ
ઘરથી દુર બીજુ એક ઘર એટલે શ્રીજી વિદ્યાર્થી ભુવન

એસ.ટી.ડીવીઝન પાસે, લાઠી રોડ, અમરેલી. ફોન: 240067 Mo. 94269 76642 / 84692 53653
shreejividhyarthibhuvan.com | shreejischool1234@gmail.com વ્યવસ્થાપક: ઉતમભાઈ - 70430 19727


# અમરેલી ખાતે ગુર્જર સોરઠિયા દરજી જ્ઞાતિ વિકાસ મંડળ દ્વારા સ્નેહમિલન અને નૂતન ટ્રસ્ટી મંડળની રચના

અમરેલી, તા.૧૦



ગુર્જર સોરઠિયા દરજી જ્ઞાતિ વિકાસ મંડળ દ્વારા ૮ જૂન, ૨૦૨૫, રવિવારના રોજ બટારવાડીમાં આવેલી દરજીની વાડી ખાતે જ્ઞાતિ સ્નેહમિલન, ઈનામ વિતરણ અને સામાન્ય સભાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં દરજી જ્ઞાતિના મોટી સંખ્યામાં સભ્યો હાજર રહ્યા હતા. આ સ્નેહમિલનનો એજન્ડા, પ્રાર્થના, સભા અધ્યક્ષની વરણી, શ્રદ્ધાંજલિ, સ્વાગત પ્રવચન, વર્ષ ૨૦૨૪-૨૫ના આવક-જાવકનો હિસાબ, અને વર્તમાન ટ્રસ્ટી મંડળની મુદત પૂર્ણ થતાં નવા ટ્રસ્ટી મંડળની રચના જેવા મુદ્દાઓ પર કેન્દ્રિત હતો. આ ઉપરાંત, ધોરણ ૧ થી કોલેજ સુધીના તમામ બાળકોને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનારાઓનું સન્માન અને નિવૃત્ત કર્મચારીઓનું પણ બહુમાન કરવામાં આવ્યું. જૂના ટ્રસ્ટી મંડળોએ વય મર્યાદા પૂર્ણ થતા વિદાય લીધી અને તેમનું સન્માન કરવામાં આવ્યું, જ્યારે નવા બનેલા ટ્રસ્ટીઓનું સન્માન અને સ્વાગત કરાયું. જ્ઞાતિજનોને નવા બનેલા ટ્રસ્ટી મંડળને સાથ સહકાર આપવા વિનંતી કરવામાં આવી હતી.


અમરેલીના અતિ વિકસિત એવા ૪-લેન લીલીયા રોડ ઉપર
ફક્ત ૩૫ મકાનની પેક સોસાયટી
3BHK બંગલો
સેમ્પલ હાઉસ તૈયાર છે.

રાધેશ્યામ નગરી
સિમંધર સોસાયટીની બાજુમાં, લીલીયા રોડ, અમરેલી
રૂા.૧,૮૦,૦૦૦/- ની સબસીડી મળવાપાત્ર
ઉપલબ્ધ સુવિધાઓ
● પાણી, સ્ટ્રીટલાઈટ, ડ્રેનેજ તથા ૨૫-ફુટનો ઈન્ટરનલ રોડની ઉતમ સુવિધા સાથે ● સ્ટાન્ડર્ડ કંપનીના પાઈપ ફીટીંગ તથા મોડયુલર સ્વીચ બોર્ડ અને ઈલેકટ્રીક વાયરીંગ ● ટાઈટલ કલીયર અને લોનેબલ ● SBI અને બેંક ઓફ બરોડાની લોન મળવાપાત્ર
સંપર્ક: મો. ૭૦૧૬૨ ૩૦૦૨૧, ૯૭૨૩૦ ૭૪૦૮૯



નિત્યા સ્કીન ક્લિનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation
ડો. જુહી ઠક્કર M.D. (Skin & VD) ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીંચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે ક્લાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર
ડો. પ્રતિક પ્રજાપતિ M.S. Ortho DNB Ortho FIAS કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

તંત્રી લેખ

# G-7 દરમિયાન કેનેડા સાથે સંબંધ સુધારવાની તક

જે સંગઠનમાં તમે સભ્ય નથી એ સંગઠનમાં પણ જો તમને સન્માન પૂર્વક આમંત્રણ આપવામાં આવે તો તે ગૌરવની વાત ગણાય. વાત ગ્રુપ ઓફ સેવનની જ છે. ગ્રુપ ઓફ સેવન એટલે જી સેવન. ભારત અને કેનેડાનો સંબંધો સુધારવા માટેની એક તક પ્રાપ્ત થઈ છે. G-7 સંમેલન ભારત કેનેડા વચ્ચે મુલાકાત થશે અને બંને દેશો વચ્ચે સંબંધો પૂર્વક થાય તેવી પૂરી શક્યતાઓ રહેલી છે. ભારત વિશ્વની આર્થિક મહાસત્તા બને એ દિવસો હવે દૂર નથી આથી વિશ્વના અન્ય દેશો ભારત સાથે સારા સંબંધો કેળવે તે માટે પ્લેટફોર્મ તૈયાર થઈ રહ્યું છે.જેમા કેનેડાનો પણ સમાવેશ થાય છે. સૌથી મહત્વની વસ્તુ એ કે ઓપરેશન સિંદૂર બાદ ભારતની લશ્કરી તાકાત દુનિયાએ જોઈ છે અને આથી જ અન્ય દેશો ભારત સાથેના સંબંધો સુધારવા માટે પહેલ કરે એ શક્ય છે.આથી જ કેનેડાએ ભારતના વડાપ્રધાનને જી સેવન માં હાજર રહેવા માટે આમંત્રણ આપ્યું છે. વિશ્વના સાત સમૃદ્ધ દેશોનું સંગઠન છે જેમાં અમેરિકા કેનેડા,ફ્રાન્સ, જર્મની,યુ.કે., ઈટાલી અને જાપાનનો સમાવેશ થાય છે. યુરોપિયન યુનિયન પણ સભ્ય છે.G-7 દેશોનો સંગઠન દુનિયાનો ૪૦% જીડીપી ધરાવે છે. વિશ્વની ૧૦% વસ્તી G-7 દેશોમાં છે. G-7 ની સ્થાપના આજથી ૫૦ વર્ષ પહેલા એટલે કે ૧૯૭૫ માં થઈ હતી. તે સમયે ઓઈલ ઉત્પાદક દેશોના સંગઠન ઓપેકે ઓઈલ ઉત્પાદન ઘટાડી નાખતા વૈશ્વિક મંદિની નોબત આવી હતી. ઓઈલ સંગઠનનો સામનો કરવા માટે આ સંગઠનની રચના કરવામાં આવી છે. ભારત ગ્રૂપ ઓફસેવન સંગઠનનું સભ્ય નથી તો પણ વર્ષોથી G-7 સમિટમાં ભારતને આમંત્રણ આપવામાં આવે છે. ડોનાલ્ડ ટ્રમ્પની પહેલી ટર્મ દરમિયાન અમેરિકામાં G-7ની બેઠક મળી હતી. એ વખતે ટ્રમ્પે ભારતને G-7માં સામેલ કરવાની વાત કરી હતી. વહેલું કે મોડું ભારત G-7નું સભ્ય હશે. વિશ્વના સમૃદ્ધ દેશોના સંમેલનમાં રશિયા પણ એક સમયે સભ્ય હતું પરંતુ તેને આ સંગઠનમાંથી કાઢી મુકવામાં આવ્યું હતું. શા માટે કાઢી મુકવામાં આવ્યું હતું તે મુદ્દો રસપ્રદ છે. રશિયા મહાસત્તા હોવા છતાં તેને જી સંગઠનમાંથી કાઢી મૂકવામાં આવ્યું એ વસ્તુ હકીકત છે. એક સમય હતો જ્યારે રશિયા પણ G-7 નું સભ્ય હતું. ૧૯૯૮ માં રશિયાને ગ્રુપ ઓફ સેવનમાં સામેલ કરવામાં આવ્યું હતું. રશિયાના આગમન સાથે, G-૭ નું નામ બદલીને G-8 કરવામાં આવ્યું. ૨૦૧૪ માં, રશિયાએ યુક્રેનના ક્રિમીઆ પર હુમલો કર્યો અને કબજો કર્યો. આ ઘટના પછી, રશિયાને G-8 માંથી બહાર કાઢવામાં આવ્યું. જ્યારે રશિયા ગયું, ત્યારે આ સંગઠન ફરીથી G-7 બન્યું. ક્રિમીઆના મુદ્દાઓ ઉકેલાયા પછી, રશિયાને ફરીથી આ જૂથમાં સમાવવાનો વિચાર કરવામાં આવ્યો. તે સમયે, રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ના પાડી દીધી હતી. પુતિને કહ્યું હતું કે G-7 હવે જૂનું થઈ ગયું છે. તેનું અસ્તિત્વ કોઈ અર્થ નથી. અમે તેની સાથે સામેલ થવા માંગતા નથી. એક સમયે પુતિને તો કહ્યું હતું કે G-7 ચીન વિના અધૂરું છે. ચીન વિશ્વની બીજી સૌથી મોટી આર્થિક મહાસત્તા છે, તેને કેમ દૂર રાખવામાં આવે છે? ચીન G-7 પર આવા આરોપો લગાવે છે કે આ સંગઠન તેના વિરુદ્ધ કાવતરું ઘડી રહ્યું છે. અમેરિકા સહિતના દેશો આવા સંગઠનોનો હથિયાર તરીકે ઉપયોગ કરે છે. હાલમાં રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે. યુક્રેનને ટેકો આપવાના મુદ્દે G-7 દેશોમાં મતભેદ છે. અમેરિકાએ યુદ્ધનો અંત લાવવો પડશે. કેનેડામાં G-7 બેઠકમાં રશિયા મુદ્દા પર શું ચર્ચા અને નિર્ણયો લેવામાં આવે છે તેના પર દરેકની નજર છે. ગ્રુપ ઓફ સેવન રશિયા સામેલ નથી. ભારત પણ સામેલ નથી. પરંતુ ભારતને દર વખતે આમંત્રણ આપવામાં આવે છે. આ આમંત્રણનો સદુપયોગ કરીને ભારત કેનેડા સાથેના સંબંધો ચોક્કસ સુધારી શકે તેમ છે.

# કૌશિક વેકરીયાના જન્મદિવસ નિમિતે ઝુંપડપટ્ટીના બાળકોને નાસ્તો કરાવતા ચલાલા ભાજપના આગેવાનો

ચલાલા, તા. ૧૦

ગુજરાત સરકારના મુખ્ય નાયબ દંડક અને અમરેલી વિધાનસભાના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાના જન્મદિવસની ચલાલાના ભાજપના કાર્યક્તાઓએ ચલાલાની ઝુંપડપટ્ટી વિસ્તારમાં બાળકોને નાસ્તો કરાવી ઉજવણી કરી હતી. આ તકે ઉપસ્થિત ભાજપ કાર્યક્તાઓએ ભારત માતા



કી જય.વંદેમાતરમ.ના નારા લગાવ્યા હતા. કૌશિકભાઈ વેકરીયાના જન્મદિવસ નિમિતે ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાનું આરોગ્ય કાયમ તંદુરસ્તમય રહે લોકસેવા માટે વધુમાં વધુ શકિત પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના કરી હતી. આ તકે શહેર ભાજપ પૂર્વ મહામંત્રી પ્રકાશભાઈ કારીયા, શહેર ભાજપના પૂર્વ ઉપપ્રમુખ અને પૂર્વ સદસ્ય અશોકભાઈ કાથરોટીયા, વેપારી અગ્રણી કનુભાઈ મારૂ, ઉમેશભાઈ રાજા, અનુસુચિત જાતિના શહેર ભાજપ પ્રમુખ નીતિનભાઈ વાળા,વિજયભાઈ વાળા, મનસુખભાઈ રાઠોડ, કિસાન મોરચા શહેર ભાજપ પ્રમુખ ઘનશ્યામભાઈ કાથરોટીયા, બક્ષીપંચ મોરચાના કિશોરભાઈ પરમાર ઉપસ્થિત રહ્યા હતા.

# રાંદલના દડવા ગામના દંપતીને ફોર વ્હીલે ટક્કર મારી: પત્નીનું મોત

**લુણકી ગામ જવાના કાચા રસ્તા પાસે બનાવ બન્યો**

બાબરા, તા.૧૦

કુકાવાવ તાલુકાના રાંદલના દડવા ગામના દંપતીને ફોર વ્હીલે ટક્કર મારી હતી. જેમાં પત્નીનું મોત થયું હતું. બાબરાથી ચમારડી તરફ જતાં લુણકી ગામ જવાના કાચા રસ્તા પાસે આ બનાવ બન્યો હતો. બનાવ અંગે રાંદલના દડવા ગામે રહેતા ગીરધરભાઈ ઘુસાભાઈ બરવાળીયાએ ફોર વ્હીલ ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તેમની પત્ની રંભાબેનને વાંડળીયાથી તેડીને બાબરાથી ચમારડી જતાં લુણકી ગામ તરફ જવાના કાચા રસ્તા પાસે પહોંચતા પાછળથી એક ફોર વ્હીલ ચાલકે આવીને ટક્કર મારી હતી. જેમાં તેમના પત્ની પડી જતાં ગંભીર ઈજા પહોંચી હતી. જેના કારણે તેમનું મોત થયું હતું. બાબરા પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર.વી.રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

## હીમખીમડીપરામાં વરલી મટકાનો જુગાર રમતાં બે ઝડપાયા

ધારી, તા.૧૦

ધારીના હીમખીમડીપરામાં વરલી મટકાનો જુગાર રમતાં બે શખ્સો ઝડપાયા હતા.

રેઈડ દરમિયાન લલીતભાઈ બટુકભાઈ ઈટોલીયા પાસેથી વરલી મટકાના જુદાજુદા આંકડાઓ લખેલા કાગળની કાપલી, રોકડા ૧૯૦૦, બે મોબાઈલ ફોન મળી કુલ ૧૯,૯૦૦ રૂપિયાના મુદ્દામાલ સાથે ઝડપાતા કાર્યવાહી કરી હતી.

## સાવરકુંડલાના મઢડા ગામે આર્મી જવાનનું ભવ્ય સ્વાગત કરાયું

સા.કુંડલા, તા.૧૦

સાવરકુંડલા તાલુકાના મઢડા ગામે આર્મીની તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરીને વતન પરત ફરેલા જવાન દિલુભાઈ ભાણાભાઈ બુધેલાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. ગામમાં પ્રવેશતા જ દિલુભાઈએ પીર બાપાની દરગાહ ખાતે દર્શન કર્યા હતા. ત્યારબાદ, તેમણે પોતાના પરિવારજનોને સલામી આપી, માતા-પિતાના



આશીર્વાદ લીધા હતા. પરિવાર દ્વારા કુમકુમ તિલક તથા પુષ્પહારથી તેમનું આર્મી જવાનનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતુ.

# લાઠીમાં અર્હમ યુવા સેવા ગૃપ દ્વારા રાહત દરે નોટબુકનુ વિતરણ

લાઠી, તા.૧૦

લાઠીના કલાપી નગરમાં આવેલા પારસ ધામ ખાતે પરમ પૂજ્ય રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ નમ્રમુનિ મહારાજની પ્રેરણાથી અર્હમ યુવા સેવા ગ્રુપ, લાઠી દ્વારા રાહતદરે મેગા ફૂલસ્કેપ નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું. આ પ્રસંગે લાઠીના વેપારી મંડળના પ્રમુખ મેઘાભાઈ ડાંગર, નાયબ મામલતદાર મકવાણા, ચેમ્બર ઓફ કોમર્સના કમિટી મેમ્બરો, લાઠી APMC વાઈસ ચેરમેન વજુભાઈ શંકર, લાઠી



મોબાઈલ એસોસિએશનના પ્રમુખ સુધીરભાઈ રાણપુરા સમ્રાટવાળા, અને અર્હમ ગ્રુપના સેવાભાવી સભ્યો હર્ષદભાઈ વોરા, લાલભાઈ ચાડ, બાલાભાઈ મકવાણા, પ્રકાશભાઈ ભુવા, નીતિનભાઈ પાડા, બુધાભાઈ પાડા, અને બટુકભાઈ ડેર ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# અમરેલીમાં વાહન અકસ્માત વળતરથી વંચિત અરજદારોની ઓળખ પ્રક્રિયા શરૂ

અમરેલી, તા.૧૦

અમરેલી જિલ્લામાં વાહન અકસ્માતનાં કેસમાં કોર્ટ દ્વારા મંજૂર થયેલી વળતરની રકમ હજુ સુધી મેળવી ન હોય તેવા અરજદારોની ઓળખ પ્રક્રિયા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા શરૂ કરવામાં આવી છે. ઘણા કિસ્સાઓમાં, મોટર એક્સિડેન્ટ ક્લેઈમ ટ્રિબ્યુનલ (MACT) દ્વારા વળતર ચૂકવવાનો હુકમ થયા પછી પણ અરજદારો કે તેમના પરિવારોએ આ રકમ પ્રાપ્ત કરવા માટેની પ્રક્રિયા કરી નથી. સુપ્રીમ કોર્ટની સુઓમોટો રીટ પીટીશનમાં અપાયેલા માર્ગદર્શન મુજબ, કુલ ૪૪૧ કેસોમાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, અમરેલી દ્વારા વિશેષ ડ્રાઈવ ચલાવવામાં આવી રહી છે. આ ડ્રાઈવનો હેતુ આવા અરજદારોને શોધી કાઢી, તેમના સુધી પહોંચીને તેમને વળતરની રકમ મળી રહે તે સુનિશ્ચિત કરવાનો છે. આ પ્રક્રિયા ઝડપી બનાવવા માટે સ્ટાફ અને બેલીફની જુદી જુદી ટીમો બનાવીને ઉપલબ્ધ સરનામાઓ પર નોટિસ ઈસ્યુ કરીને જાણ કરવામાં આવી રહી છે. જો કોઈ અરજદારોને મંજૂર થયેલી વળતરની રકમ હજુ સુધી મેળવવાની બાકી હોય, તો તેઓએ જાતે અથવા તેમના અધિકૃત વકીલ દ્વારા જિલ્લા અદાલત અમરેલી ખાતે નાઝીર બ્રાન્ચ, રૂમ નં. ૧૧૩ પર તાત્કાલિક સંપર્ક કરવા અપીલ કરવામાં આવી છે. આ બાબતે કોઈ કાયદાકીય માર્ગદર્શનની જરૂર જણાય તો જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા અદાલત, અમરેલીનો સંપર્ક કરવા જણાવાયું છે.

## સા.કુંડલાના ખડકાળા ગામેથી ૮ લીટર દેશી દારૂ પકડાયો

સાવરકુંડલા, તા.૧૦

સાવરકુંડલાના ખડકાળા ગામેથી ૮ લીટર દેશી દારૂ પકડાયો હતો. મહીપતભાઈ દડુભાઈ ખાચર નામના વ્યક્તિ પાસેથી ૮ લીટર પીવાનો દેશી દારૂ સહિત ૧૬૩૬ રૂપિયાનો પ્રોહિબીશન મુદ્દામાલ ઝડપાયો હતો. અન્ય બનાવમાં જિલ્લામાંથી સાત ઈસમો પાસ પરમીટે કેફી પીણું પીધેલી હાલતમાં મળી આવ્યા હતા.

## અમરેલીમાં બે મહિલા સહિત ત્રણ ખેલી પકડાયા

અમરેલી, તા.૧૦

અમરેલીમાં પોલીસે બે મહિલા સહિત ત્રણે ખેલીને જુગાર રમતા ઝડપી પાડ્યા હતા. સુળિયાટીંબા કુકાવાવ જકાતનાકા પેટ્રોલપંપ સામેથી રાજેશભાઈ ભાખરભાઈ ચાવડા (ઉ.વ.૩૫) તથા બે મહિલાઓ જાહેરમાં ગંજીપત્તાના પાના વડે હારજીતનો તીનપત્તીનો જુગાર રમતાં રોકડા ૧૦,૩૦૦ના મુદ્દામાલ સાથે પકડાયા હતા.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૫૦ | ૧૬૦૦ |
| ઘઉં લોકવન | ૪૯૫ | ૫૧૧ |
| ઘઉં ટુકડા | ૪૯૬ | ૫૩૧ |
| જુવાર સફેદ | ૬૦૦ | ૮૧૫ |
| જુવાર લાલ | ૭૨૦ | ૯૫૦ |
| જુવાર પીળી | ૪૦૦ | ૪૮૫ |
| બાજરી | ૩૭૦ | ૪૯૧ |
| તુવેર | ૧૧૫૫ | ૧૨૮૫ |
| ચણા પીળા | ૯૯૦ | ૧૦૯૮ |
| ચણા સફેદ | ૧૩૦૦ | ૧૯૨૦ |
| અડદ | ૧૨૬૮ | ૧૩૯૨ |
| મગ | ૧૩૫૦ | ૧૬૫૦ |
| વાલ દેશી | ૫૦૦ | ૮૩૦ |
| ચોળી | ૧૩૦૦ | ૧૫૫૦ |
| વટાણા | ૧૧૧૦ | ૧૭૮૫ |
| રાજમા | ૬૦૦ | ૧૦૭૦ |
| સીંગદાણા | ૧૧૪૦ | ૧૪૪૦ |
| મગફળી જાડી | ૯૪૦ | ૧૧૭૦ |
| મગફળી જીણી | ૯૭૫ | ૧૬૩૦ |
| તલી | ૧૪૨૫ | ૨૧૩૦ |
| સુરજમુખી | ૯૨૫ | ૧૧૫૦ |
| એરંડા | ૧૧૯૦ | ૧૨૬૮ |
| અજમો | ૮૮૦ | ૧૪૪૦ |
| સુવા | ૧૦૦૦ | ૧૫૯૦ |
| સોયાબીન | ૭૭૮ | ૮૩૦ |
| સીંગફાડા | ૧૦૬૦ | ૧૩૩૫ |
| કાળા તલ | ૨૮૫૦ | ૩૨૦૨ |
| લસણ | ૭૫૦ | ૧૪૬૦ |
| ધાણા | ૧૦૨૧ | ૧૪૨૧ |
| મરચા સુકા | ૪૦૦ | ૧૦૫૦ |
| ધાણી | ૧૧૫૦ | ૧૫૫૦ |
| વરીયાળી | ૯૫૦ | ૧૫૦૦ |
| જીરૂ | ૩૩૩૦ | ૪૦૫૦ |
| રાય | ૧૧૦૦ | ૧૩૯૦ |
| મેથી | ૮૧૦ | ૧૨૭૦ |
| ઇસબગુલ | ૧૧૦૦ | ૧૮૦૦ |
| કલોંજી | ૩૨૩૦ | ૪૧૧૦ |
| રાયડો | ૧૦૨૦ | ૧૧૬૦ |
| રજકાનું બી | ૪૩૫૦ | ૫૫૦૦ |
| ગુવારનું બી | ૮૫૦ | ૧૦૦૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૩૦૦ | ૫૦૦ |
| લીંબુ | ૩૦૦ | ૧૦૦૦ |
| તરબુચ | ૫૦ | ૧૫૦ |
| બટેટા | ૧૮૦ | ૩૫૦ |
| ડુંગળી સુકી | ૫૧ | ૩૨૦ |
| ટમેટા | ૩૦૦ | ૬૦૦ |
| સુરણ | ૧૪૦૦ | ૨૦૦૦ |
| કોથમરી | ૬૦૦ | ૧૦૦૦ |
| મુળા | ૪૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૩૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૧૪૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૭૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૭૦૦ | ૧૪૦૦ |
| ચોળાસીંગ | ૬૫૦ | ૧૦૦૦ |
| ટીંડોળા | ૪૦૦ | ૧૨૦૦ |
| દુધી | ૩૦૦ | ૪૦૦ |
| કારેલા | ૩૦૦ | ૫૦૦ |
| સરગવો | ૪૦૦ | ૧૦૦૦ |
| તુરીયા | ૭૦૦ | ૧૧૦૦ |
| પરવર | ૮૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૪૦૦ | ૬૦૦ |
| ગાજર | ૨૦૦ | ૪૦૦ |
| વટાણા | ૨૦૦૦ | ૩૦૦૦ |
| ગલકા | ૨૦૦ | ૪૦૦ |
| બીટ | ૨૦૦ | ૪૦૦ |
| મેથી | ૧૪૦૦ | ૨૧૦૦ |
| ડુંગળી લીલી | ૮૦૦ | ૧૦૦૦ |
| આદુ | ૬૦૦ | ૮૦૦ |
| મકાઇ લીલી | ૨૬૦ | ૫૦૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૭૭૫ | ૧૦૯૦ |
| શિંગ મોટી | ૭૫૫ | ૧૦૮૪ |
| શિંગ દાણા | ૧૧૮૦ | ૧૬૦૦ |
| શિંગ ફાડા | ૧૧૦૦ | ૧૪૭૦ |
| તલ સફેદ | ૧૦૯૦ | ૨૪૧૫ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૩૦૦ |
| તલ કાશ્મીરી | ૧૬૪૦ | ૧૯૧૦ |
| બાજરો | ૩૦૪ | ૫૩૨ |
| જુવાર | ૨૭૦ | ૭૧૨ |
| ઘઉં ટુકડા | ૩૦૦ | ૫૪૯ |
| ઘઉં લોકવન | ૩૮૦ | ૫૩૪ |
| મકાઈ | ૪૬૧ | ૪૬૧ |
| મગ | ૮૭૦ | ૧૬૧૫ |
| અડદ | ૫૦૦ | ૧૩૧૪ |
| ચણા | ૬૦૦ | ૧૧૦૪ |
| ચણા દેશી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| સફેદ ચણા | ૮૦૦ | ૧૧૪૫ |
| છોલે ચણા | ૧૫૫૧ | ૧૫૫૧ |
| તુવેર | ૮૫૦ | ૧૨૧૨ |
| વાલ | ૪૫૦ | ૧૦૫૫ |
| કપાસ | ૭૫૦ | ૧૫૮૫ |
| એરંડા | ૧૦૩૫ | ૧૨૩૫ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૯૨૦ |
| રાયડો | ૧૦૩૦ | ૧૦૯૪ |
| રાય | ૧૦૮૦ | ૧૨૧૫ |
| ધાણા | ૧૨૪૯ | ૧૨૯૦ |
| ધાણી | ૯૭૪ | ૧૩૦૧ |
| મેથી | ૭૬૫ | ૯૦૫ |
| સોયાબીન | ૭૬૧ | ૮૧૭ |
| વરીયાળી | ૧૦૪૫ | ૧૧૭૦ |
| સુવાદાણા | ૧૩૩૦ | ૧૩૩૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૯૦ | ૩૧૦ |
| રીંગણા | ૪૦૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૫૦૦ | ૬૩૦ |
| કોબીઝ | ૨૫૦ | ૩૨૦ |
| શકકરીયા | ૫૫૦ | ૭૦૦ |
| ટમેટાં | ૫૫૦ | ૬૦૦ |
| સુરણ | ૧૨૦૦ | ૧૩૮૦ |
| ગાજર | ૬૦૦ | ૭૫૦ |
| દુધી | ૨૬૦ | ૩૦૦ |
| કારેલા | ૬૦૦ | ૭૦૦ |
| ગલકા | ૩૦૦ | ૪૦૦ |
| કાકડી | ૩૨૦ | ૪૦૦ |
| ગુવાર | ૧૪૦૦ | ૧૫૦૦ |
| ચોળાલીલાં | ૯૦૦ | ૧૦૦૦ |
| તુરીયા | ૧૪૦૦ | ૧૫૦૦ |
| કાચી કેરી | ૬૦૦ | ૧૦૦૦ |
| પાકી કેરી | ૮૦૦ | ૧૭૦૦ |
| ભીંડો | ૫૨૦ | ૬૩૦ |
| આદુ | ૭૩૦ | ૮૦૦ |
| કોથમીર | ૪૦૦ | ૫૦૦ |
| મેથીભાજી | ૧૮૦૦ | ૨૦૦૦ |
| ફ્રોદીનો | ૫૫૦ | ૬૫૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૫૫૦ |
| બીટ | ૪૫૦ | ૫૫૦ |
| સરગવો | ૮૦૦ | ૯૦૦ |
| લીમડો મીઠો | ૧૨૦ | ૧૪૦ |
| મરચાં લીલા | ૪૦૦ | ૭૦૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૨૨૦ |
| લીંબુ | ૬૦૦ | ૮૦૦ |
| પાલક | ૭૦૦ | ૮૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૫૭૧ |
| ઘઉં લોકવન | ૪૪૬ | ૫૦૮ |
| ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૫૪ |
| મગફળી જીણી | ૮૪૧ | ૧૩૫૧ |
| સિંગદાણા જાડા | ૧૨૪૧ | ૨૧૧૧ |
| સિંગ ફાડીયા | ૯૨૧ | ૧૩૯૧ |
| એરંડા / એરંડી | ૧૦૮૧ | ૧૨૯૧ |
| જીરૂ | ૨૮૫૧ | ૪૦૬૧ |
| કલંજી | ૧૦૦૧ | ૪૦૭૧ |
| ધાણા | ૯૦૧ | ૧૫૦૧ |
| મરચા સૂકા પટ્ટો | ૨૫૧ | ૧૪૫૧ |
| લસણ સુકું | ૫૯૧ | ૧૨૮૧ |
| ડુંગળી લાલ | ૭૧ | ૨૪૧ |
| અડદ | ૯૦૧ | ૧૪૬૧ |
| તુવેર | ૮૦૧ | ૧૨૭૧ |
| રાય | ૯૧૧ | ૧૦૪૧ |
| મેથી | ૫૦૧ | ૮૮૧ |
| કાંગ | ૩૦૧ | ૬૨૧ |
| મરચા | ૨૫૧ | ૧૮૦૧ |
| મગફળી જાડી | ૭૪૬ | ૧૫૨૧ |
| સફેદ ચણા | ૧૦૬૧ | ૧૬૮૧ |
| મગફળી નવી | ૮૫૧ | ૧૩૮૧ |
| તલ - તલી | ૧૫૫૧ | ૨૩૦૧ |
| ઇસબગુલ | ૧૪૪૧ | ૧૭૭૧ |
| ધાણી | ૧૦૦૧ | ૪૦૭૧ |
| ડુંગળી સફેદ | ૯૦ | ૨૧૮ |
| બાજરો | ૩૦૧ | ૪૨૧ |
| જુવાર | ૩૦૧ | ૭૫૧ |
| મકાઇ | ૨૫૧ | ૪૪૧ |
| મગ | ૧૨૦૧ | ૧૪૯૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૨૧ |
| વાલ | ૨૫૧ | ૭૫૧ |
| ચોળા / ચોળી | ૭૦૧ | ૧૫૨૧ |
| સોયાબીન | ૭૦૧ | ૮૫૧ |
| કળથી | ૮૦૧ | ૮૬૧ |
| ગોગળી | ૭૦૦ | ૧૦૩૧ |
| વટાણા | ૬૫૧ | ૯૨૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૬૬૦ |
| મરચા | ૧૮૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૨૦૦૦ |
| કોબી | ૧૨૦ | ૪૪૦ |
| દુધી | ૧૬૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૮૦૦ |
| કાકડી | ૨૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૮૦૦ |
| ગલકા | ૨૦૦ | ૬૦૦ |
| ગાજર | ૧૦૦ | ૭૦૦ |
| ટિંડોરા | ૫૦૦ | ૧૦૦૦ |
| વટાણા | ૧૯૮૦ | ૩૦૦૦ |
| કેરી કાચી | ૨૦૦ | ૮૦૦ |
| બટેટા | ૨૧૦ | ૩૦૦ |
| ડુંગળી પુરા | ૧૫ | ૨૫ |
| તાંજરીયા પુરા | ૩ | ૭ |
| કોથમીર પુરા | ૩ | ૧૦ |
| ફોદીનો પુરા | ૪ | ૫ |
| પરવર | ૭૦૦ | ૯૦૦ |
| ઘીસોડા | ૫૦૦ | ૧૬૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૧૦૦૦ |
| મેથી પુરા | ૧૦ | ૨૫ |
| સરગવો પુરા | ૨૦ | ૩૦ |
| ચોરા | ૩૦૦ | ૧૬૦૦ |
| કારેલા | ૨૦૦ | ૧૦૦૦ |
| મગફળી લીલી | ૬૦૦ | ૭૦૦ |
| કાચા પોપૈયા | ૧૦૦ | ૩૦૦ |
| આદુ | ૬૦૦ | ૧૦૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૪૦૦ |
| પાલક પુરા | ૨ | ૬ |
| **ધારી** | | |
| મગફળી | ૮૫૦ | ૯૪૫ |
| ઘઉં લોકવન | ૪૯૫ | ૫૦૫ |
| ચણા | ૭૪૦ | ૧૦૭૦ |
| તુવેર | ૧૧૧૧ | ૧૨૯૦ |
| ધાણા | ૧૧૭૫ | ૧૧૭૫ |
| એરંડા | ૧૧૫૦ | ૧૧૫૦ |
| મગ | ૧૧૨૦ | ૧૩૫૫ |
| શીંગ ફાડા | ૧૧૭૫ | ૧૨૦૦ |
| શીગ દાણા | ૧૩૨૦ | ૧૩૨૦ |
| સોયાબીન | ૬૭૬ | ૮૧૧ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૩૫૧ | ૧૫૦૦ |
| મગફળી | ૧૧૮૦ | ૧૧૮૦ |
| ચણા | ૧૦૬૫ | ૧૦૬૫ |
| જુવાર સફેદ | ૪૦૦ | ૮૨૦ |
| તલ સફેદ | ૧૩૦૦ | ૧૫૫૧ |
| સોયાબીન | ૬૫૧ | ૬૫૧ |
| શીંગ દાણા | ૧૫૯૮ | ૧૬૧૫ |
| એરંડા | ૧૧૭૫ | ૧૧૭૫ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૧૦૦ | ૧૪૫૫ |
| ઘઉં લોકવન | ૪૬૫ | ૫૦૨ |
| ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૦૧ |
| ધાણા | ૯૯૦ | ૧૧૩૫ |
| ચણા | ૮૩૦ | ૧૦૫૦ |
| જુવાર | ૬૦૦ | ૬૪૦ |
| શીંગફાડા | ૧૦૨૫ | ૧૩૫૫ |
| મગફળી | ૮૦૦ | ૯૨૫ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૧૯૩૫ |
| સોયાબીન | ૭૭૦ | ૮૧૫ |
| તુવેર | ૮૦૦ | ૧૧૦૦ |
| મગ | ૧૦૫૦ | ૧૪૩૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૭૦ | ૧૫૮૫ |
| કપાસ મીડીયમ | ૧૩૦૦ | ૧૪૩૦ |
| મગફળી | ૧૦૪૨ | ૧૦૯૮ |
| ઘઉં | ૪૬૫ | ૫૦૫ |
| મગ | ૧૨૮૦ | ૧૪૩૦ |
| તલ સફેદ | ૧૫૬૫ | ૧૮૬૫ |
| તલ કાળા | ૨૫૬૦ | ૨૭૦૦ |
| જીરૂ | ૨૮૪૦ | ૩૬૩૦ |
| ચણા | ૧૦૬૨ | ૧૦૮૮ |
| **રાજુલા** | | |
| શીંગ | ૭૦૦ | ૧૦૨૨ |
| તલ સફેદ | ૧૩૦૦ | ૧૯૫૬ |
| તલ કાળા | ૨૩૯૦ | ૨૪૦૦ |
| તલ પીળા | ૧૭૦૦ | ૧૮૫૦ |
| કપાસ | ૧૨૫૦ | ૧૫૦૮ |
| બાજરો | ૩૨૧ | ૪૫૦ |
| ઘઉં ટુકડા | ૫૧૮ | ૫૩૪ |
| જુવાર | ૩૦૪ | ૮૬૧ |
| મગ | ૧૦૦૦ | ૧૪૫૦ |
| અડદ | ૧૧૬૨ | ૧૧૬૨ |
| તુવેર | ૧૦૨૦ | ૧૦૨૦ |
| ચણા | ૯૩૦ | ૧૧૦૦ |
| જીરૂ | ૩૩૩૩ | ૩૩૩૩ |
| ચોળી | ૧૧૧૧ | ૧૧૧૧ |
| સોયાબીન | ૭૬૦ | ૭૬૦ |
| એરડી | ૧૦૫૦ | ૧૧૪૬ |
| શીંગદાણા | ૧૧૦૦ | ૧૩૬૧ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૦૦૦ | ૧૦૫૦ |
| શીંગ મોટી | ૧૦૧૦ | ૧૦૯૦ |
| શીંગ ઉનાળુ | ૧૦૦૦ | ૧૨૫૦ |
| શીંગ દાણા | ૧૧૦૦ | ૧૩૨૧ |
| તલ સફેદ | ૧૫૫૦ | ૨૦૭૦ |
| તલ કાળા | ૨૬૦૦ | ૩૧૮૦ |
| જીરૂ | ૩૩૦૦ | ૩૮૦૧ |
| કપાસ | ૧૩૮૦ | ૧૫૪૫ |
| ઘઉં લોકવન | ૪૧૧ | ૫૨૫ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૭૦ |
| બાજરો | ૩૪૦ | ૫૭૦ |
| જુવાર | ૭૦૦ | ૮૫૨ |
| મગ | ૧૧૦૦ | ૧૪૦૦ |
| અડદ | ૧૨૩૦ | ૧૪૭૬ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૦૭ |
| તુવેર | ૯૫૦ | ૧૨૦૦ |
| એરંડી | ૧૧૩૩ | ૧૨૪૫ |
| મેથી | --- | ૮૧૫ |
| ધાણા | ૮૦૦ | ૧૨૦૦ |
| સોયાબીન | ૭૦૦ | ૭૫૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૯૦૦ | ૧૧૪૬ |
| મગફળી ૩૨ નં. | ૯૫૦ | ૧૧૦૦ |
| મગફળી નવી | ૮૮૦ | ૧૧૦૦ |
| બાજરી હાઈબ્રીડ | ૩૭૫ | ૫૨૩ |
| ઘઉં | ૪૫૦ | ૫૩૬ |
| જુવાર | ૬૦૦ | ૮૧૧ |
| અડદ | ૧૧૧૧ | ૧૪૦૪ |
| મગ | ૧૧૨૦ | ૧૫૭૦ |
| એરડી | ૧૦૫૦ | ૧૨૨૨ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૭૦ |
| સોયાબીન | ૭૫૦ | ૮૨૧ |
| સીંગદાણા | ૧૩૦૦ | ૧૭૫૦ |
| કાંગ | ૪૦૦ | ૪૫૪ |
| રજકો | ૨૫૦૦ | ૪૬૦૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૦૫ |
| ઘઉં | ૪૦૦ | ૫૨૦ |
| મગ | ૧૦૦૦ | ૧૫૯૦ |
| ચણા | ૯૦૦ | ૧૦૮૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૩૯૫ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૫૦ |
| મગફળી | ૭૦૦ | ૧૦૭૫ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૨૦૧૫ |
| તલ કાળા | ૧૫૦૦ | ૨૫૯૫ |
| મેથી | ૬૦૦ | ૮૧૧ |
| ધાણા | ૧૦૦૦ | ૧૨૩૦ |
| સોયાબીન | ૬૦૦ | ૭૮૦ |
| **જામનગર** | | |
| જુવાર | ૩૪૫ | ૮૩૦ |
| બાજરો | ૩૦૦ | ૫૩૫ |
| ઘઉં | ૪૦૦ | ૫૦૬ |
| મગ | ૧૧૦૦ | ૧૪૫૦ |
| અડદ | ૯૦૦ | ૧૩૮૫ |
| તુવેર | ૫૦૦ | ૧૧૯૦ |
| ચોળી | ૮૦૦ | ૧૫૦૫ |
| વાલ | ૨૦૦ | ૯૮૫ |
| મેથી | ૭૦૦ | ૯૧૪ |
| મકાઈ | ૨૦૦ | ૪૦૦ |
| ચણા | ૧૦૬૦ | ૧૦૯૪ |
| મગફળી જીણી | ૮૦૦ | ૧૩૪૦ |
| મગફળી જાડી | ૭૭૫ | ૧૦૭૦ |
| એરંડા | ૧૦૫૦ | ૧૨૪૧ |
| તલ | ૧૬૦૦ | ૨૦૩૦ |
| તલ કાળા | ૨૫૦૦ | ૩૦૦૦ |
| રાયડો | ૧૦૫૦ | ૧૧૩૦ |
| રાઈ | ૧૧૦૦ | ૧૨૭૫ |
| લસણ | ૬૫૦ | ૧૨૪૦ |
| કપાસ | ૪૦૦ | ૧૫૧૦ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૮૫૦ |
| અજમો | ૧૫૦૦ | ૨૭૪૦ |
| ધાણા | ૮૦૦ | ૧૨૬૫ |
| ધાણી | ૧૦૦૦ | ૧૫૧૫ |
| ડુંગળી | ૩૦ | ૨૬૫ |
| મરચા | ૯૦૫ | ૨૧૫૦ |
| સોયાબીન | ૫૦૦ | ૭૭૫ |
| વટાણા | ૧૦૦ | ૨૪૦ |



લાગે તો તીર : - "બોસ મારે દિલ્હી જાવું છે. કઈ બસમાં જાવું?
06

# એપસ્ટેઈન સેક્સ સ્કેમ ટ્રમ્પને ઘરભેગા કરશે ?

બ્રેકિંગ પોઈન્ટ



નેહા શર્મા

એપસ્ટેઈન સેક્સ સ્કેમ શું છે ?

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના એક સમયના અત્યંત ખાસ મનાતા વિશ્વના સૌથી ધનિક એલન મસ્ક સામસામે આવી ગયા પછી મસ્કે એપસ્ટેઈન સેક્સ સ્કેમનો મુદ્દો છેડ્યો છે. મસ્કે આક્ષેપ મૂક્યો છે કે, ટ્રમ્પનું નામ એપ્સટેઈનની ફાઈલોમાં હોવાથી આ તમામ ફાઈલો જાહેર કરવામાં આવતી નથી. ટ્રમ્પ વિકૃત સેક્સ અપરાધી એપસ્ટેઈન સાથે જોડાયેલા હોવાથી તેમની સામે ઈમ્પીચમેન્ટ મોશન લાવીને અમેરિકાના પ્રમુખપદેથી દૂર કરવાની અને વર્તમાન વાઈસ પ્રેસિડેન્ટ જે.ડી. વેન્સને પ્રમુખ બનાવવાની તરફેણ પણ મસ્કે કરી છે.



મસ્ક અને ટ્રમ્પ વચ્ચે ઘણા બધા મુદ્દે મતભેદો છે અને આ મતભેદો હવે મનભેદ બની ચૂક્યા છે. એક સમયના ગાઢ સાથી એકબીજા પર અંગત પ્રહારો કરી રહ્યા છે. મસ્કે તો અમેરિકા પાર્ટી બનાવીને ટ્રમ્પ સામે ખુલ્લો રાજકીય જંગ છેડવાનું એલાન પણ કર્યું છે પણ આ બધી વાતોમાં એપસ્ટેઈન ફાઈલ્સનો મુદ્દો સૌથી ગંભીર છે કેમ કે આ કેસ સગીર છોકરીઓ અને છોકરાઓના જાતિય શોષણ સાથે જોડાયેલો છે.

આ કેસમાં અમેરિકાના જ નહીં પણ દુનિયાભરના સૌથી ધનિક, વગદાર અને સેલિબ્રિટી કહેવાય એવાં લોકો સંડોવાયેલાં છે. અમેરિકન અબજોપતિ જેફરી એપ્સટેઈન પોતે તો સગીર છોકરીઓ અને સગીર છોકરાઓનું જાતિય શોષણ કરતો જ પણ તેમને ધનિકોની સેક્સ ભૂખ સંતોષવા માટે તેમને હવાલે પણ કરી દેતો. લેવિશ પાર્ટીઓમાં ચાલતા હવસના આ ગંદા ખેલમાં ટ્રમ્પની સંડોવણીના આક્ષેપ પહેલાં પણ થયા છે પણ મસ્કનો આક્ષેપ વધારે ગંભીર છે કેમ કે મસ્કે સરકારી તપાસમાં ટ્રમ્પનું નામ ખૂલ્યું હોવાનો ધડાકો કર્યો છે.

મસ્ક સાચું જ બોલતો હોય એ જરૂરી નથી પણ એ સાચો નથી એવું સાબિત કરવા માટે ટ્રમ્પ એપસ્ટેઈન ફાઈલો જાહેર કરવા તૈયાર નથી. ભૂતકાળમાં ટ્રમ્પ અને એપસ્ટેઈન વચ્ચેની નિકટતા જાણીતી છે. એપસ્ટેઈનની ઘણી પાર્ટીઓમાં ટ્રમ્પ જતો પણ હતો. આ બધાં કારણોસર ટ્રમ્પ શંકાના દાયરામાં હતો જ ને હવે મસ્કના આક્ષેપોએ આ શંકાને વધારે ઘેરી બનાવી છે.

આ મુદ્દો બહુ મોટો છે એ જોતાં ટ્રમ્પને તેના કારણે ઘરભેગા પણ થવું પડી શકે.

■■■

એપસ્ટેઈન સેક્સ સ્કેમમાં કોણ કોણ સામેલ છે ?

દોઢ વર્ષ પહેલાં એટલે કે ૨૦૨૪ના જાન્યુઆરીમાં ન્યૂ યોર્કની કોર્ટમાં એપસ્ટેઈન સામેની તપાસને લગતા દસ્તાવેજો રજૂ કરાયા હતા. તેમાં અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખો બિલ ક્લિન્ટન અને ડોનાલ્ડ ટ્રમ્પ, પોપ સિંગર માઈકલ જેક્સન, માઈક્રોસોફ્ટના સ્થાપક બિલ ગેટ્સ, મહાન વિજ્ઞાની સ્ટીફન હોપકિન્સ, બ્રિટનના રાજા કિંગ ચાર્લ્સના નાના ભાઈ પ્રિન્સ એન્ડ્રુ, જાદુગર ડેવિડ કોપરફિલ્ડ સહિતના ૧૫૦ જેટલા ધનિક અને સેલિબ્રિટીના નામ હતા.

એપસ્ટેઈનની ગર્લફ્રેન્ડ અને તેના પાપમાં ભાગીદાર ઘિસલેઈન મેક્સવેલને ૨૦ વર્ષની સજા થઈ ત્યારે પોલીસે લીધેલી જુબાનીઓ, ઈ-મેલ તથા બીજા પુરાવા રજૂ કરાયેલા ત્યારે આ કહેવાતાં મોટા માથાંની ઓળખ જાહેર નહોતી કરાઈ. તેમના માટે કોડ નેમનો ઉપયોગ કરાયેલો. આ મોટા માથાં પોતાના નામ જાહેર નહી કરવા કોર્ટમાં ગયા હતા પણ કોર્ટે તેમની અરજીને નકારીને સીલબંધ રિપોર્ટના નામો જાહેર કરવા ફરમાન કર્યું હતું.

'એપસ્ટેઈન ફાઈલ્સ' તરીકે જાણીતા આ દસ્તાવેજોમાં ધડાકો કરાયો હતો કે, ધનિકો હાઈસ્કૂલમાં ભણતી છોકરીઓ સાથે શરીર સંબંધો બાંધવા માટે પડાપડી કરતા હતા. માત્ર છોકરીઓ જ નહીં પણ કુમળી વયના છોકરાઓને પણ હવસનો શિકાર બનાવાતા હતા. ૧૪-૧૫ વર્ષની છોકરીઓ સાથે શરીર સંબંધ બાંધીને ધનિકો જે વિકૃતિઓ આચરતા હતા તેની વિગતો થથરાવી નાખનારી છે.

દોઢ વર્ષ પહેલાં જાહેર થયેલા નામો તો પાશેરામાં પહેલી પૂણી હતી. એપસ્ટેઈનની ન્યૂ યોર્ક સિટી, ફ્લોરિડા, વર્જિન આઈલેન્ડ્સ, ન્યૂ મેક્સિકોમાં આવેલા મહેલ જેવા ઘરોમાં અપાતી લેવિશ પાર્ટીઓમાં દુનિયાભરથી સેલિબ્રિટીઝ આવતી હતી. એપસ્ટેઈન સામેની તપાસમાં એ બધાની વિગતો અપાયેલી જ છે. મસ્ક તેની જ વાત કરી રહ્યો છે પણ ટ્રમ્પ એ ફાઈલો પર કુંડાળું વાળીને બેસી ગયો છે.

■■■

એપસ્ટેઈન કોણ હતો ?

અમેરિકાના મધ્યમ વર્ગીય યહૂદી પરિવારમાં જન્મેલા એપસ્ટેઈને કારકિર્દીની શરૂઆત શિક્ષક તરીકે કરી હતી. થોડા વરસો સુધી સ્કૂલમાં ભણાવ્યા પછી એપસ્ટેઈન ફાયનાન્સિયલ મેનેજમેન્ટ તરફ વળ્યો અને ધીરે ધીરે પ્રગતિ કરીને ધનિક બની ગયો. શરૂઆતથી એપસ્ટેઈનના મોટા ભાગના ક્લાયન્ટ્સ ધનિક હતા. તેનું કારણ એપસ્ટેઈનની 'સર્વિસ' ગણાય છે. ગ્રાહક બનાવવા એપસ્ટેઈન ધનિકોને તમામ પ્રકારની 'સર્વિસ' પૂરી પાડતો. તેના કારણે વગદાર લોકોમાં તેનો પ્રભાવ વધતો ગયો અને પ્રગતિ ઝડપી બની. એપસ્ટેઈન ૧૯૯૦ના દાયકામાં ઘિસલેઈન મેક્સવેલના સંપર્કમાં આવ્યો પછી પાર્ટીઓનો દૌર શરૂ થયો.

એપસ્ટેઈન સામે પહેલી ફરિયાદ ૨૦૦૫માં થઈ હતી. ફ્લોરિડાના પામ બીચમાં એક વાલીએ ફરિયાદ કરી હતી કે, એપસ્ટેઈને તેની ૧૪ વર્ષની છોકરી સાથે શરીર સંબંધ બાંધીને જાતિય શોષણ કર્યું હતું. એપસ્ટેઈન વગદાર હોવાથી તેની સામેની તપાસમાં બહુ ઢીલ કરાઈ. તેની ધરપકડ કરાઈ પણ બહુ જલદી એ બહાર આવી ગયો હતો. એપસ્ટેઈને જેલમાંથી બહાર આવ્યા પછી ફરી પાર્ટીઓ કરીને શોષણ શરૂ કર્યું.

પોલીસ તપાસમાં બહાર આવેલું કે, એપસ્ટેઈને ૩૬ સગીર છોકરીઓને હવસનો શિકાર બનાવી હતી. વાસ્તવિક રીતે આ આંકડો મોટો હતો કેમ કે ભોગ બનેલી તમામ છોકરીઓનો સંપર્ક કરી શકાયો નહોતો. એપસ્ટેઈનના કરતૂતો સામે આખા અમેરિકામાં આક્રોશ ફાટી નીકળેલો અને એપસ્ટેઈનને આકરી સજા કરવાની માગ ઉઠેલી.

જો કે એપસ્ટેઈનના પાપમાં ભાગીદાર વગદાર લોકોના દબાણ હેઠળ ફ્લોરિડા પોલીસે એપસ્ટેઈન તપાસમાં મદદ કરે તેના બદલામાં તેને ઓછી સજા થાય એ માટે પ્લીયા ડીલ કરી નાખી. તેના કારણે ફ્લોરિડા સ્ટેટ કોર્ટે ૨૦૦૮માં એપસ્ટેઈનને દોષિત ઠેરવીને માત્ર ૧૩ મહિનાની સજા ફટકારેલી.

વર્જિનિયા ગ્વાફરે એપસ્ટેઈનના પતનનું કારણ બની.

બ્રિટનના પ્રિન્સ એન્ડ્રુએ પોતે સગીર હોવા છતાં શરીર સંબંધ બાંધેલા એવા આક્ષેપો કરીને સનસનાટી મચાવનારી વર્જિનિયાએ ૨૦૧૫માં એપસ્ટેઈન સામે કેસ કર્યો અને એપસ્ટેઈનનો ભાંડો ફૂટ્યો. એપસ્ટેઈનને ૨૦૦૮માં જેલમાં ધકેલાયો ત્યારે ઘણી છોકરીઓએ તેની સામે પડવાની હિંમત બતાવેલી પણ એપસ્ટેઈન છટકી ગયેલો. પત્રકાર શેરોન ચર્ચરે આ છોકરીઓને મદદ કરવાની ઝુંબેશ શરૂ કરી. બીજી છોકરીઓ જાહેરમાં ના આવી પણ વર્જિનિયા ગ્વાફરેએ શેરોનને આપવિતી કહી. ચર્ચરને બીજી છોકરીઓના નામ આપ્યા. તેના આધારે ચર્ચર એક પછી એક છોકરીઓ સુધી પહોંચી અને એવો મજબૂત કેસ તૈયાર કર્યો કે, ૨૦૧૯માં એપસ્ટેઈન ફરી જેલભેગો થઈ ગયો.

■■■

એપસ્ટેઈનની સાથી ઘિસલેઈન મેક્સવેલ અબજોપતિની દીકરી હતી.

બ્રિટનના મીડિયા મોગલ રોબર્ટ મેક્સવેલની દીકરી ઘિસલેઈન અત્યારે ફ્લોરિડાની તાલ્લાહાસ્સી જેલની હવા ખાય છે. યુકેના ટોચના અખબાર જૂથ મિરર ગ્રુપના માલિક રોબર્ટ મેક્સવેલની દીકરી ઘિસલેઈન મેક્સવેલને ન્યૂ યોર્કની કોર્ટે ૨૦૨૨ના જૂનમાં દોષિત ઠેરવીને ૨૦ વર્ષની ફટકારી હતી. એપસ્ટેઈનને સેક્સ અને વેશ્યાવૃત્તિ માટે સગીર છોકરીઓ પૂરી પાડવાના આરોપમાં મેક્સવેલ દોષિત ઠરી હતી.

ઘિસલેઈન મેક્સવેલ ૧૯૮૦ના દાયકામાં બ્રિટનનાં સોશિયાલીસ્ટ તરીકે જાણીતી હતી. બાપ અખબારનો માલિક હોવાથી ધનિકો તેને સલામ કરતાં ને બ્રિટનના અખબારોમાં પેજ થ્રી પર તેની તસવીરો છપાતી. રોબર્ટ મેક્સવેલ પણ અય્યાશ હતો તેથી અખબારોની કમાણી અય્યાશીમાં ઉડાવી. નાણાં ના રહ્યા એટલે લોન લીધી પણ ૫૦ કરોડ પાઉન્ડની લોન ના ભરતા કોર્ટના ચક્કર કાપતો થઈ ગયો હતો. ૧૯૯૧માં એટલાન્ટિક મહાસાગરમાંથી મેક્સવેલની નગ્નાવસ્થામાં લાશ મળી હતી. મેક્સવેલ યોટ પર અય્યાશી દરમિયાન મહાસાગરમાં પડી જતાં મરી ગયો એવું કહેવાતું હતું તેથી મેક્સવેલ પરિવાર પર સૌ ફિટકાર વરસાવતા હતા. ઘિસલેઈન ત્યારે ૩૦ વર્ષની હતી. યુકેમાં કોઈ હાથ પકડનારું નહોતું તેથી ઘિસલેઈન ભાગીને ન્યૂ યોર્ક આવી અને એપસ્ટેઈનના સંપર્કમાં આવી.

ઘિસલેઈને એપસ્ટેઈનના ધનિક દોસ્તો માટે પાર્ટીઓ કરવા માંડી. તેમાં શરાબ, શબાબ, ડ્રગ્સ સહિતની બધી અય્યાશીની સવલતો કરાતી તેથી આ પાર્ટીઓ સુપરહીટ થઈ ગઈ. મેક્સવેલ અને એપસ્ટેઈન યુએસના પાવર સર્કલમાં સેલિબ્રિટી બની ગયા. એપસ્ટેઈનની ૨૦૧૯માં ધરપકડ કરાઈ ત્યારે ઘિસલેઈનનું નામ બહાર આવતા ૨૦૨૦ના જુલાઈમાં તેની ધરપકડ કરાયેલી. ઘિસલેઈને એપસ્ટેઈન સામેના કેસમાં ખોટી જુબાની આપેલી તેથી તેનો પણ કેસ ચાલ્યો. સગીર છોકરીઓને પરિવારથી અલગ કરીને વેશ્યાવૃત્તિમાં ધકેલવાના આરોપમાં ઘિસલેઈન દોષિત ઠરી પછી જેલમાં દા'ડા કાઢે છે.

એપસ્ટેઈનનું શું થયું ?

એપસ્ટેઈનને બીજી વાર ૨૦૧૯માં જેલભેગો કરાયો ત્યારે મજબૂત પુરાવા હોવાથી એપસ્ટેઈન છટકી શકે તેમ નહોતો તેથી તેણે જેલમાં જ આપઘાત કરી લીધો એવું કહેવાય છે. અલબત્ત શંકા તો એવી છે કે, એપસ્ટેઈન ભાંડો ના ફોડે એટલે મોટા માથાંએ તેને પતાવી દીધો.

એપસ્ટેઈનના જેલમાં આપઘાત વખતે ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના પ્રમુખ હતા એ યોગાનુયોગ નહોતો. ■

sanjogpurti@gmail.com

# ચાંદી કી સાયકલ, સોને કી સીટ



"સાઈકલ મારી સરરર જાય... ટ્રીન ટ્રીન ટોકરી બજાવતી જાય.." પ્રાથમિક સ્કૂલમાં આ ગીત અમે પહેલા ગાયેલું અને સાયકલ પછી શીખેલા. સાતમા ધોરણમાં મારા આઈએ મને હરક્યુલીસ સાયકલ લઈ દીધેલી ત્યારે મારી અંદર હોય તેના કરતાં પણ વધારે બળ આવી ગયું હોય એવો મને અહેસાસ થયેલો. જોકે હરક્યુલીસને એ વખતે હું ઓળખતો નહોતો પણ હરકયુલીસને ઓળખતા થયા પછી એટલી તો ખબર પડી કે કોઈ કંપની સાયકલ માટે નામ શા માટે રાખે છે. જોકે જેના નામ પર સાયકલ ચાલે છે એવા હરક્યુલીસે પોતાના પરાક્રમો સાયકલ વગર જ કરેલા અને અમે હરક્યુલીસ નહીં હોવા છતાં અમારા અનેક પરાક્રમો હરક્યુલીસ સાયકલ ઉપર કરેલા. સાયકલની એક દુનિયા જ અલગ છે. મોટા થયા પછી સાયકલ છોડીને હું બાઈક ઉપર આવ્યો અને એક સમય એવો આવ્યો કે સાયકલ ચલાવવાનું પણ ભૂલી ગયો. સાયકલ ચલાવવાનું સાવ છૂટી ગયા પછી ધીમે ધીમે મને સાયકલનું મહત્વ સમજાવા લાગ્યું. જો તમે પણ મોટા થઈને સાયકલ ચલાવવાનું છોડી દીધું હોય તો તમે પણ મારી જેમ ખોટા રસ્તે છો.

ધીસ ઇઝ ધેટ

નારન બારૈયા

સાયકલ એક સસ્ટેનેબલ, સ્વસ્થ અને પર્યાવરણ-મિત્ર વાહન છે, જેના ઉપયોગથી પ્રદૂષણ ઘટાડી શકાય છે અને લોકોનું આરોગ્ય સુધારી શકાય છે. સાયકલનો ઈતિહાસ ૧૯મી સદીનો છે. પહેલી વ્યવહારુ સાયકલ ૧૮૧૭માં જર્મન શોધક કાર્લ ફોન ડ્રેઈસ દ્વારા બનાવવામાં આવી હતી, જેને "ડ્રેઈસીન" કહેવામાં આવતી. આ સાયકલમાં પેડલ નહોતા, ચલાવવા માટે પગથી જમીન પર ધક્કો લગાવવો પડતો. ત્યાર બાદ ૧૮૬૦-૭૦માં ફ્રેન્ચ શોધકો પિયર મિચૉક્સ અને પિયર લાલમેન્ટ દ્વારા પેડલચાલિત સાયકલની શોધ થઈ. પછી ૧૮૮૫માં જોહ્ન કેમ્પ સ્ટાર્લી દ્વારા "રોવર સેફ્ટી બાઈસિકલ" બનાવવામાં આવી, જે આધુનિક સાયકલનું પ્રથમ મોડેલ હતું.

સાયકલ એ ટકાઉ, સસ્ટેનેબલ અને આરોગ્યપ્રદ પરિવહનનું સાધન છે. તેનું મહત્વ જોઈએ તો તે

એક પર્યાવરણ મિત્ર છે જે કાર્બન ઉત્સર્જન શૂન્ય છે.

સસ્તું પરિવહન છે જેમાં ઈંધણની જરૂર નથી.

ટ્રાફિક ઘટાડે છે રસ્તા પર ગાડીઓ ઓછી થાય છે.

સૌથી મોટો ફાયદો કે આરોગ્ય માટે લાભકારક છે, જે હૃદય, સ્નાયુઓ અને સાંધાને મજબૂત બનાવે છે.

સાયકલ ચલાવવાથી હૃદય સ્વાસ્થ્ય રહે છે, રક્ત પરિભ્રમણ સુધરે છે, હાર્ટ અટેકનું જોખમ ઘટે છે. વજનમાં ઘટાડો થાય છે, કલાક સાયકલ ચલાવવાથી ૪૦૦-૬૦૦ કેલરી બળી શકે છે. સ્નાયુઓ મજબૂત બને છે, પગ અને કમરની માંસપેશીઓ મજબૂત બને છે. ડાયાબિટીસ કંટ્રોલમાં રહે છે, ઈન્સ્યુલિનની સંવેદનશીલતા વધારે છે. માનસિક તણાવમાં ઘટાડો કરી એન્ડોર્ફિન્સ (સુખાકારી હોર્મોન) ની વૃદ્ધિ થાય. શરીરમાં ઑક્સિજન પ્રવાહ વધે છે.

પર્યાવરણીય ફાયદાઓ પણ છે. વાયુ પ્રદૂષણ ઘટાડે છે. શબ્દ પ્રદૂષણ ઘટે છે, કેમકે સાયકલ શાંત હોય છે.

સાયકલ એ સ્વસ્થ જીવનશૈલી, પર્યાવરણ સંરક્ષણ અને ટકાઉ વિકાસનું પ્રતીક છે. વિશ્વ સાયકલ દિવસે આપણે સાયકલના ઉપયોગને પ્રોત્સાહન આપી, આરોગ્ય અને પ્રકૃતિનું રક્ષણ કરવું જોઈએ. "સાયકલ ચલાવો, સ્વસ્થ રહો, પૃથ્વી બચાવો!" એ સાયકલ પ્રેમીઓનું સૂત્ર છે.

ગોવિંદા અભિનીત "ભાભી" ફિલ્મનું એક ગીત છેઃ "ચાંદી કી સાઈકલ સોને કી સીટ, આઓ ચલે ડાર્લિંગ, ચલે ડબલ સીટ..." એક જમાનામાં મેં મારા અનેક ભાઈ-ભાભીઓને સાયકલ ઉપર ડબલ સવારી થઈને હોંશે હોંશે જતા જોયેલા છે. આજે એવા દ્રશ્યો માત્ર સ્મૃતિપટ ઉપર જ છે એનું દુઃખ છે. ■

naranbaraiya277@gmail.com

# ઉપકાર ક્યારેય ભૂલવો નહી..



માનવજીવન એ ડગલે અને પગલે નવજીવન જીવવાની કલા શીખવે છે. આપણે બધાએ એક કથા સાંભળી છે કે બીજમાંથી છોડનું નિર્માણ થાય છે, છોડ વટવૃક્ષ બને છે અને અને વૃક્ષ લોકોને ફળ, ફૂલ, વનસ્પતિ તેમજ લાકડું આપે છે. એ જ લાકડું કુહાડીનો હાથો બનીને તે જ વૃક્ષને કાપે છે. હાથો એ વૃક્ષની નીપજ છે. આવું જ બુદ્ધિશાળી લોકો અદ્‌ભુત કાર્ય કરતા હોય છે. ગમે તેટલી ડિગ્રીઓ અથવા હોશિયારી હોય પરંતુ આપણને જે વ્યક્તિએ મદદ કરી છે તેનો ઉપકાર ભૂલવો જોઈએ નહીં. હું મારી જ વાત કરુ કે બોર્ડના નિવૃત્ત મદદનીશ સચિવ સ્વર્ગસ્થ ધનજીભાઈ સાહેબ મને મારા ક્ષેત્રમાં આગળ લાવ્યા.આજે તેઓ હયાત નથી પરંતુ આજે મને જે પણ ઉપલબ્ધી મળી છે તે તેમને આભારી છે. હું તેમનું ઋણ ક્યારેય પણ ચૂકવી શકું તેમ નથી. આજે પણ તેમના પરિવાર સાથે જોડાયેલો છું અને દાદાને મનોમન યાદ કરીને ભાવાંજલિ વ્યક્ત કરું છું. કારણ કે તેમણે મારી આંગળી પકડી અને મને આગળ વધાર્યો. તેમને કેમ ભૂલી જવાય.

સામાજિક અને શૈક્ષણિક



વિપુલ ડી. પટેલ

(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)

આજે તક મળી છે તો ઉપયોગ કરી લઈએ તેવા તકવાદી લાંબો સમય ટકી શકશે નહીં. ઘણી વખત અધિકારીઓની કાન ભંભેરણી કરી વ્હાલા થવાની હોડમાં ભૂતકાળ ભૂલી જાય છે અને તેમની માનસિકતા છતી કરતા હોય છે. જ્ઞાન અને હોશિયારી કોઈના બાપનો ઈજારો નથી. અમારા માસ્તરો એટલા બધા લાચાર થઈ જાય છે કે જે પણ આદેશ થાય તે "હાજી.. હાજી" કરીને સ્વીકારી લેવાનો. સાચી વાત કહેવાની ક્ષમતા એ જ કેળવણીનું સૌથી મુખ્ય કાર્ય છે. ઘણી વખત ગુલામીનો માહોલ હોય તેવું લાગે છે. ગાંધીજીની એક સૂચનાથી સરદાર પટેલે પ્રથમ વડાપ્રધાનનો હોદ્દો ત્યાગી દીધો કારણ કે ગાંધીજીનો આદેશ હતો. ખાલી ગુરુ ગુરુ કરીને વાહિયાત શબ્દોની માયા લગાડી લીટી લાંબી કરવી તે શિક્ષકના લક્ષણમાં આવે?

જીવનમાં આપણાથી થાય એટલું સારું કરવું પરંતુ કોઈએ કરેલો ઉપકાર ક્યારેય પણ ભૂલવો જોઈએ નહીં. મીઠી છુરી બનીને ઘા કરવા કરતા મોઢા ઉપર સ્પષ્ટ બોલવાની મર્દાનગી કેળવવાની તાતી જરૂરિયાત છે. સમય સારો હોય ત્યારે બધા તમારે પડખે ઊભા રહે પરંતુ તકલીફમાં જે ઉભો રહે તે જ અડીખમ કહેવાય. રાજ્યમાં કેટલાક એવા શિક્ષકો છે જે આપણા કરતાં પણ ઉત્તમ કામ કરે છે. આવા શિક્ષકોને તક મળે તો રાજ્યના શિક્ષણ ક્ષેત્રે ગુણવત્તાસભર કામ થાય. મેં પણ મારા સમયગાળા દરમિયાન સારા વ્યક્તિઓને વિવિધ કચેરીઓમાં આપ્યા. આજે પોતાની યોગ્યતાથી બહુ આગળ છે તેનો મને આનંદ છે.

ઘણી વખત સીધી આંગળીથી ઘી ના નીકળે તો વાંકી કરવી પડે તેવું જ સમાજમાં બનતું હોય છે. "સત્યમેવ જયતે" લાંબા ગાળાની પ્રક્રિયા છે. જિંદગીમાં ધૂળની પણ જરૂર પડે છે. જ્યારે ઠોકર વાગે ત્યારે ખ્યાલ આવે પણ એ બહુ મોડું થઈ ગયું હોય છે. જેણે સારા કાર્યો કર્યા છે તેમને કોઈ રોકવાનું નથી. સ્વ પ્રગતિની સાથે અન્યની પ્રગતિ પણ અનિવાર્ય છે. "ઝાઝા હાથ રઢિયામણા" એવી કહેવત હવે ઓલ્ડ થઈ ગઈ છે. "સુણી સમયનો સાદ આપણે કરીશું નવી શરૂઆત" તેની જગ્યા આપણે પોતાની રીતે સેટ થઈ જઈશું. "મિત્ર એવો શોધવો જે ઢાલ સરીખો હોય સુખમાં અને દુઃખમાં બંનેમાં સાથે હોય" અહીંયા તો તકમાં આગળ હોય છે. કરેલા કર્મોનો હિસાબ એક દિવસ અચૂક આપવાનો જ છે. મેં તો અત્યાર સુધી બધા માટે સારું જ કર્યું છે તેનો મને આનંદ છે પરંતુ માણસો પારખવાની ભગવાને બુદ્ધિ નથી આપી તેનો પણ વિશેષ આનંદ છે.

"તેરી મહેરબાનીયા" એક ફિલ્મ છે તેમાં શ્વાન તેના માલિકને કેટલો વફાદાર હોય છે? ઘણી વખત સારા બુદ્ધિશાળી લોકો કેટલી સુંદર વાતો કરતા હોય છે. શિક્ષણનું મુખ્ય કાર્ય દેશના સારા નાગરિકો નિર્માણ કરવાનું છે. યોગ્યતા હોય તેવા વ્યક્તિ આગળ આવે પરંતુ જે વ્યક્તિએ તમારો હાથ પકડેલ છે તેને છોડી તમે ક્યારેય આગળ નહી આવો તે નક્કી છે. ત્યાગ કરવાની વૃત્તિ બહુ મોટી ઉપલબ્ધિ છે. જે જીવન મળ્યું છે તેમાં સારું કામ થાય. કડવું પણ સત્ય તો બોલવું જ. હાજી હાજી કરવું તેમાં હું માનતો નથી.

શિક્ષક તો પોતાના સામર્થ્યનો રાજા છે. નવા સત્રથી સૌ સારસ્વત મિત્રોને વંદન કરું છું. ગ્રાન્ટેડ શાળાના શિક્ષકો વર્ગમાં અસરકારક શિક્ષણ અને આત્મા રેડી ઉત્તમ શૈક્ષણિક કાર્ય કરે તેવી અપેક્ષા છે. આખુ વિશ્વ વિરાટ છે. તેમાં આવડત અને યોગ્યતા મુકામ સુધી લઈ જશે. ક્યારેય પણ કપટ કરવું નહીં. માનવતાની મશાલ જીવંત રાખવી. શું લઈને આવ્યા હતા અને શું લઈને જવાના છે. સિકંદર ખુલ્લા હાથે ઉપર ગયો તેમ દરેક વ્યક્તિએ જવાનું છે એટલે થાય એટલું સારું કરવું બાકી બધું વ્યર્થ છે. સમજાય તેને વંદન ના સમજાય તેને અભિનંદન. યુદ્ધના મેદાનમાં તો યોદ્ધો એક જ હોય છે. વંદે માતરમ.. ભારત માતાકી જય.. ■

Mo.9825702282

# ભોજન શેમાં કેવી રીતે બનાવવું અને કેવી રીતે જમવું તે અંગેની સામાન્ય સમજ



અક્ષયપાત્ર એટલે શું?

અક્ષયપાત્ર એટલે જેમાં ભરેલો પદાર્થ ક્યારેય ખલાસ થઈને પાત્ર ખાલી થતું નથી તેવું પાત્ર.

જેના ઘેરથી ક્યારેય કોઈ ભૂખ્યું જતું નથી અને ગમે ત્યારે ગમે તેને ભોજન મળી રહે છે તેના રસોડાને અક્ષયપાત્ર કહેવાય.

ભોજન કર્યા પછી કેટલા સમયે પાણી પીવું જોઈએ ?

ભોજન શરૂ કરતાં પહેલાં પાણી ન પીવું, ભોજન કરતી વખતે વચ્ચે વચ્ચે થોડું થોડું પાણી પીવું, ભોજન પૂરું થાય એટલે મોં સાફ કરવા એકાદ જ નાનો ઘૂંટડો પાણી પીવું અને એક કલાક બાદ એક પ્યાલો ભરીને અથવા તરસ પ્રમાણે પાણી પીવું જોઈએ.

એક વખત જમ્યા પછી ફરી ક્યારે જમવું ?

એક વખત જમ્યા પછી ફરીથી સાચી ભૂખ લાગે ત્યારે જ જમવું, મન લલચાઈ જાય તેવી વસ્તુ સામે આવે તો પણ ન ખાવી. સ્વસ્થ માણસોને ખાધેલું પચી જાય પછી જ ભૂખ લાગે છે. મનથી કે તનથી અસ્વસ્થ લોકોને ખોટી ભૂખ લાગે છે, સાચી ભૂખની સમજ પડતી નથી.

વૈવિધ્ય
ડો. હેમાંગી ડી. મહેતા,
એસોસિયેટ પ્રોફેસર, વિષય નિષ્ણાંત
ચિલ્ડ્રન્સ રસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર

સ્વસ્થ વ્યક્તિનું ભોજન ચારેક કલાકમાં પચી જાય છે તેથી ચાર કલાક પછી ખાઈ શકાય. એ પછી બે કલાક પેટ ખાલી રહે તો ચાલે. પરંતુ છ કલાક પછી અસામાન્ય સંજોગો ન હોય તો ભૂખ્યા ન રહેવું.

ધાનને ધૂળ કરીને ખાવું એટલે શું ?

અનાજ, શાકભાજી, ફળો, મસાલા વગેરે ઉત્તમ હોય, પોષણક્ષમ હોય તો પણ રસોઈ બનાવવાની રીત એવી હોય કે એના બધા પોષકતત્ત્વો બળી જાય, સ્વાદ બગડી જાય, જમવામાં કંઈ રસ ન રહે ત્યારે કહેવાય કે ધાનને ધૂળ કરીને ખાય છે.

દાખલા તરીકે કેરી બહુ જ ઉત્તમ ફળ છે, સ્વાદ અને સ્વાસ્થ્ય બધી દૃષ્ટિએ ઉત્તમ છે પરંતુ એના ટુકડા કરીને, મિક્સરમાં રસ કાઢીને, ફ્રિજમાં રાખીને, દૂધ કે પાણી ભેળવીને ખાવી એ ધાનને ધૂળ કરીને ખાવા બરાબર છે.

ખાધાનીય ખબર નથી પડતી એટલે શું ?

થાળીમાં પીરસેલા અન્ન વિશે કંઈ ખબર પડતી ન હોય, સ્વાદમાં કંઈ સમજ પડતી ન હોય, વસ્તુ સારી છે કે નહીં એની ખબર ન પડતી હોય, શાની સાથે શું ખવાય તેની ખબર પડતી ન હોય, શું ખાવું- કેટલું ખાવું- ક્યારે ખાવું- શા માટે ખાવું એનો કોઈ વિવેક ન હોય ત્યારે કહેવાય કે ખાધાનીય ખબર પડતી નથી.

ગમે તેવા લોકોના દેખતા ભોજન કરવાથી શું થાય?

ભોજનને પવિત્ર અને શુદ્ધ રાખવું હોય તો એને કુદૃષ્ટિથી બચાવવું જોઈએ. દુષ્ટ અને નીચ માણસોની દૃષ્ટિમાં તેમના મનોભાવો વ્યક્ત થતા હોય છે. તેમની દૃષ્ટિ પડે તો અન્ન પણ દૂષિત થાય છે. એવું અન્ન ખાવાથી શારીરિક માનસિક સ્વાસ્થ્ય બગડે છે.

સૂર્યાસ્ત પછી ભોજન શા માટે ન કરવું જોઈએ ?

સૂર્યનો તાપ હોય ત્યારે જ જઠરાગ્નિ પણ પ્રજ્વલિત રહેતો હોય છે. સૂર્યાસ્ત પછી જઠરાગ્નિ શાંત થાય છે. એ પછી જમવાથી પાચન બરાબર થતું નથી. તેથી પોતાનું સ્વાસ્થ્ય સારું રાખવા માગતા લોકોએ સૂર્યાસ્ત પૂર્વે જમવાની ટેવ પાડવી જોઈએ.

રાંધેલું અન્ન, જમતા વધેલું અન્ન ગટરમાં, ઉકરડે કે કચરાટોપલીમાં શા માટે ન નાખવું જોઈએ ?

વધેલું અન્ન પણ કોઈને કોઈ જીવજંતુના આહાર તરીકે પ્રયોજાવું જોઈએ. એને ફેંકી દેવું અને બગડવા દેવું એ અન્નનો તો અપવ્યય છે જ સાથે સાથે અન્નની અવમાનના પણ ગણાય.

ડુંગળીને ગરીબોની કસ્તૂરી કહેવામાં આવે છે તેમ છતાં કેટલાક લોકો ડુંગળી ખાવાની ના કેમ પાડે છે ?

શ્રમ કરીને પરસેવો પાડે એને માટે ડુંગળી પોષક છે પરંતુ પરસેવો ન પાડે તેને માટે તામસી આહાર છે. ડુંગળીમાં પોષક તત્ત્વો પણ છે જ. આયુર્વેદમાં એના ઘણા ગુણો વર્ણવ્યા છે તેથી શ્રમજીવીઓ ડુંગળી ખાય તો યોગ્ય ગણાય, બુદ્ધિજીવીઓ ખાય તો અયોગ્ય ગણાય.

મૂળા, કાકડી, દહીં વગેરે સાંજના ભોજનમાં હોતા નથી. શા માટે ? (ક્રમશઃ) ■ hemangidmehta@gmail.com

---



# "બોસ મારે દિલ્હી જાવું છે. કઈ બસમાં જાવું?

"બોસ મારે દિલ્હી જાવું છે. કઈ બસમાં જાવું?"

બકાએ હલતબડે આવીને બોસની સલાહ માંગી.

"દિલ્હી? અને તારે ? શા માટે જાવું છે? બકા, દિલ્હીમાં આપણાં જેવા માણસોનું કામ નહીં."

"કેમ? મોદી દિલ્હીમાં નથી રહેતાં? "

"હા હા, દિલ્હીમાં જ રહે છે."

"તો પછી મોદી અહીંનાં જ માણસ છે અને અહીંનાં જ હતાં ને..!!"

"ઈ તારી વાત ખરી છે. પણ હવે એ આપણાં જેવા નથી ને !?? અને છતાંય તારે દિલ્હી જાવું હોય તો ટ્રેનમાં જવાય. બસ તો ન્યાં લગણ ના જાય."

"હું વાત કરો છો? ન્યાં બસ નથી હાલતી? લાલુ પ્રસાદજી રેલવેમંત્રી હતાં તંઈ એમનાં હાહર-વેલમાં આખી ટ્રેન ચાલુ કરાવી 'તી. નવા નક્કોર પાટા નાખીને અને આપણાં મોદી સાહેબે એક બસે'ય ચાલુ ના કરાવી ?"

"બકા, દિલ્હી છે બારસો કિલોમીટર જેવું. એમાં બસ કેમ હાલે ? તું તારે ટ્રેનમાં જાને. પણ, તારે દિલ્હી જાવું છે કેમ? તું ક્યાં કોઈ ચૂંટણીમાં ચુંથાણો છો? મતલબ ચૂંટણીમાં ચૂંટાણો છો ? ન્યા તો એવા બધા જાય."

લાગે તો તીર..
કાળુભાઇ ભાડ

"મારે આપણાં મોદીને મળવું છે."

"મોદીને મળવું હોય તો અહીં આવે ત્યારે મળી લેવાય. વાર -પરબે ગુજરાતમાં આવતાં જ હોય છે."

"એ જ તો મોટી મોંકાણ છે. અહીં આપડા વાળા મળવા જ દેતાં નથી ને. એટલે તો દિલ્હી જાવું છે."

"તારી વાત ખરી બકા. પણ, મોદીને ખાસ લોકો અને ખાસ કામ હોય તો જ મળાય છે. તારી પાંહે એવું કયું ખાસ કામ છે?"

"હા..હા. તો જ દિલ્હીનો ધક્કો ખવાય ને."

બેરાલાલેય સલાહ આપી.

"બકા, મોદી હવે ગુજરાતના મુખ્યમંત્રી નથી રહ્યા હોં. એ આખાં ભારતના ભાગ્ય વિધાતા બની ગયા છે એટલે એની એક એક મિનિટ કિંમતી હોય છે. તું વિચાર કરીને જાજે. ડેલીએ હાથ દઈને પાછું ના આવવું પડે."

"બેરાલાલ, મારી પાંહે ટોપના પેટનો આઈડિયો છે. એ હાંભળીને મોદી ખુશ ખુશ થઈ જાહે અને આપણાં સૌરાષ્ટ્રનું દાળદર મટશે. હારે હારે ખેતી કરતાં ઘણા 'ય ભાયું બે પાંદડે થાહે."

"બકા, તારી પાંહે વળી કયો નવો આઈડિયો છે કે, ખેડૂતો બે પાંદડે થાય. મોદી આવ્યા ત્યારથી કહે છે અને મહેનત કરે છે કે મારા ખેડૂતો બે પાંદડે થાય. મારા ખેડૂતની આવક ડબલ થાય. પણ..."

"એટલે જ તો મારે મોદીને નવો આઈડિયો દેવો છે.

એમાં 'ય આપણી જેવા કપાસ વાવતા ભાયુંને તો બખા જ થઈ જાહે. કપાસમાં તો હવે ઈયળો આવી જાય છે. અને થાય છે એનો ભાવેય આવતો નથી. તો હવે સાંઠીયુના 'ય પૈસા આવશે અને એ પણ ખોબેને ધોબે."

"બકા, કાંઈ હમજાય એવી વાત કર. સાંઠીયુમાંથી પ્લાય બને છે. ઈ આપણે હાંભળ્યું 'તું. પણ, ઈ કેટલીક સાંઠીયુ ઉપાડે. પણ, તું વળી કાંઈક નવું લાવ્યો છો. તારો આઈડિયો શું છે? ઈ તો જરા વાત કર."

"મોદીને પાબ્લો એસ્કોબારને ભારતમાં લઈ આવવાનો છે."

"આ પાબ્લો એસ્કોબાર વળી કોણ છે? અને એ છે ક્યાંનો? ગુજરાતનો લાગતો નથી."

"ગુજરાત તો શું, ભારતનોય નથી. કોલંબિયાનો પૈસાદાર માણસ છે. ભલે એ, ડોન છે પણ, માણસ છે. એનામાં માણસાઈ છે."

"ડોનને ભારતમાં લાવવો છે? એક ડોન તો હેરાન પરેશાન કરે છે. ત્યાં બીજો ડોન લાવવો છે?"

"આ એવો ડોન નથી. પણ..!! ભલેને આવે. આપણે ત્યાં નેતાઓ 'ય ડોન હોય છે. કોઈ દિવસ કોઈએ વાંધો ઉઠાવ્યો??"

"અરે પણ, આ નવો ડોન કરે છે શું? અને એનાંથી આપણને શું ફાયદો!??"

"આ માણસને દીકરીઓ ખૂબ વહાલી છે. એ દીકરીને ક્યારેય દુઃખી જોઈ શકતો નથી."

"હા પણ, એમાં દીકરી અને સાંઠીયુને ક્યાં સાંઠગાંઠ આવી ?"

"તમે વાત તો પુરી હાંભળો, ઉતાવળ ભારે. એની દીકરીને વારે વારે ઠંડી લાગે. પૈસાવાળા ઘરમાં ભડકા કરતાં હોય છે. એક દિવસ આ ચુલામાં બળતણ ખૂટી ગયું. દીકરી ઠંડીથી ધ્રુજવા લાગી.

બળતણ મળે નહીં. એનો બાપ પાબ્લો એસ્કોબાર આ જોઈ ના શકયો. એમણે સીધું જ પૈસાનું એક ગોડાઉન ખોલ્યું. પૈસાના બંડલના બંડલ ચુલામાં નાખતો ગયો.. નાખતો ગયો..પુરા ૧૪ કરોડ રૂપિયા ચુલામાં હોમી દીધા. આને મન ચુલામાં આગ ચાલુ રહેવી જોઈએ."

"હો..હો..હો..!! રૂપિયા ચૌદ કરોડનું તાપણું કરી નાખ્યું!?? ખરો માણસ છે પાબ્લો. પણ, એનાથી આપણને શું ફાયદો??"

"લો કર લો બાત..!! આપણે સાંઠીયુ એમને -એમ સળગાવી દઈએ છીએ. ઘઉંની પરાળ પણ એમ જ સળગાવીએ છીએ. હવે જો આ પાબ્લો ભારતમાં મતલબ સૌરાષ્ટ્રમાં આવી જાય તો..,આપણે એના ચુલામાં સાંઠીયુ ના ખૂટવા દઈએ. એને રૂપિયા બાળવા નઈ, સાંઠીયુ બાળ્યે રાખે અને આપણને રૂપિયાના બંડલના બંડલ આપે રાખે."

"તો.. બકા, તું જલ્દી દિલ્હી જા. તને ટ્રેન ના મળે તો તું ભારખાનામાં ચડી જા. પણ, તું જલ્દી દિલ્હી જા." ■

kalubhaibhad123@gmail.com

---

# ચાલો સફર કરીએ પાળિયાની...





પ્રવાસનામા
જયસ્વી પટેલ

પાળિયાના પ્રકાર :

ગાયનો પાળિયો : કુંભલગઢ ( રાજસ્થાન )

આ પાળિયાને પારંપરિક રીતે પાળિયા (સપાટ પથ્થરના સ્મારક), ખાંભી (કોતરકામ વિના બાંધેલ મૃતકનું સ્મારક), થેસા (પાળિયા નજીકના નાના પથ્થર), ચાગિયો (પત્થરના ઢગલા), સુરાપુરા (લોકો માટે યુદ્ધમાં ખપી જનાર યોદ્ધા) અને સુરધન (આકસ્મિક મોત, જેવું કે હત્યા, આત્મહત્યા, અકસ્માત કે અન્ય) તરીકે વર્ગીકૃત કરાય છે. તેમાંના કેટલાકને સતીમાતા કે ઝુઝાર (મસ્તક વગરના યોદ્ધા) કહે છે.

યોદ્ધાના પાળિયા :

આવા પાળિયાના સ્મારક સૌથી સામાન્ય હોય છે. જે મોટે ભાગે લડાઈ નાયકોની પૂજા કરતા સમુદાય-લોકજાતિ સાથે સંકળાયેલા હોય છે. તેઓ મર્યાદિત વિસ્તારમાં મોટી સંખ્યામાં મળી આવે છે અને રણ ખાંભી તરીકે ઓળખાય છે. યુદ્ધસ્થળ કે જ્યાં યોદ્ધા મૃત્યુ પામ્યો હોય ત્યાં બંધાય છે. શરૂઆતમાં આ પાળિયા, સમુદાય, સ્ત્રી કે પશુધનને બચાવવાના સત્કાર્યોને સન્માનવા બાંધેલા હતા, પછી તે યુદ્ધ સંબંધિત પરંપરા બની ગઈ.

આ સ્મારકો મોટે ભાગે યોદ્ધાને હથિયાર જેવાં કે તલવાર, ગદા, ધનુષ્ય અને તીર અને બંદૂક સાથે દર્શાવે છે. આ યોદ્ધા વિવિધ પરિવહનો જેમ કે ઘોડા, ઊંટ, હાથી અને રથ પર સવાર હોય છે. ક્યારેક તે પાયદળ સાથે હોય છે. ક્યારેક રાજકિય ચિહ્નને લઈને જતાં કે યુદ્ધમાં નગારાં વગાડતા લોકોના પાળિયા પણ દર્શાવાય છે.

સતીના પાળિયા :

આ સ્મારક મોટે ભાગે રાજવી પરિવાર સાથે સંકળાયેલાં હોય છે, જે સતી થયાં હોય કે જૌહર કરી મૃત્યુ પામ્યાં હોય તેવી સ્ત્રીઓને સમર્પિત હોય છે. તે લોકસાહિત્ય સાથે પણ સંબંધિત હોય છે. તેમની દેવી તરીકે પૂજા થાય છે. આ સ્મારક મોટે ભાગે જમણી બાજુ ૪૫ કે ૯૦ અંશના ખૂણે વળેલો આશીર્વાદ આપતો જમણો હાથ દર્શાવે છે. ક્યારેક આ પાળિયા પર હાથ અને અન્ય પ્રતીક જેવાં કે મોર, કમળ પણ હોય છે. કેટલાક પાળિયામાં આશીર્વાદ આપતી કે નમસ્કાર મુદ્રામાં ઊભેલી સ્ત્રીની આકૃતિ હોય છે. કેટલાક સ્મારકમાં એક હાથમાં કમંડળ અને બીજામાં જપમાળા હોય એવા સ્ત્રી આકાર હોય છે. કેટલાંક સ્મારકમાં જ્વાળામાં દાખલ થતી સ્ત્રી અને પોતાના પતિના શરીરને ખોળામાં લઈ બેઠેલી હોય તેવી સતી પ્રથા દર્શાવતી કૃતિ દર્શાવાય છે.

ખલાસીના પાળિયા :

ગુજરાત લાંબો દરિયાઈ ઈતિહાસ ધરાવે છે. આ સ્મારકો તેની સમુદ્ર સફર દરમિયાન મૃત્યુ પામેલા ખલાસીની યાદમાં બનાવેલા હોય છે. તેમના સ્મારક પર ક્યારેક જહાજ દર્શાવેલું હોય છે.

લોકસાહિત્યના પાળિયા :

અનેક સ્મારકો લોકસાહિત્ય સાથે સંકળાઈને ધાર્મિક સંતો- ભક્તો, પ્રેમકથાઓ, બલિદાન, મિત્રતા, વિરોધ વગેરે માટે કરેલો દેહત્યાગ દર્શાવે છે. આ સ્મારકનું ઉદાહરણ ભાણવડ નજીક ભુતવડ પર આવેલો વીર માંગડાવાળાનો પાળિયો છે.

પ્રાણીના પાળિયા :

પ્રાણીઓ જેવાં કે ઘોડા, કૂતરાં અને ઊંટ દર્શાવતા પાળિયા પણ બાંધવામાં આવ્યા હતા.

ક્ષેત્રપાળના પાળિયા :

આ પાળિયા ક્ષેત્રપાળ (ક્ષેત્રનું રક્ષણ કરતા)ને સમર્પિત હોય છે, જે જમીનના દેવ છે. તે સ્મારક નથી પરંતુ લગભગ સરખો અહોભાવ ધરાવે છે. તેમને સામાન્ય રીતે ખેતરની નજીક કે ગામની બહાર મૂકવામાં આવે છે. કેટલીક કોમમાં પૂર્વજોની પૂજા ક્ષેત્રપાળ કરે છે. જે જમીન અને પાકનું રક્ષણ કરે છે તેમ મનાય છે. આ પાળિયા પર સાપ, મંત્ર કે માત્ર આંખ રક્ષણના પ્રતીક તરીકે દર્શાવાય છે.

આવા પાળિયાના સ્મારક લોકજીવન અને શિલાલેખની માહિતી પૂરી પાડે છે. જે એક સામાજિક માળખું છે જે સમાજ નાયકની યાદ અપાવે છે. તેઓ મહત્ત્વપૂર્ણ ઐતિહાસિક દસ્તાવેજ ધરાવતી પ્રતિમા છે, જે સદીથી સચવાયેલી છે. તે ભૂતપૂર્વ સમાજના રીત-રિવાજો, સંસ્કૃતિ અને માન્યતાની માહિતી પૂરી પાડે છે. આ સ્મારકો પૂર્વજોની પૂજા સાથે સંકળાયેલા છે, જેથી તેની સાથે સંકળાયેલાં સ્થાનિક લોકસાહિત્યને ઓળખી શકાય છે અને તેનું દસ્તાવેજીકરણ થઈ શકે છે. તે સતીપ્રથા જેવી સાંસ્કૃતિક પરંપરા વિશે માહિતી આપે છે. જે-તે સમયગાળાના વસ્ત્ર, શસ્ત્ર અને વાહનની પણ માહિતી આપે છે. આ સ્મારકો સ્થળ અને વર્ષની માહિતી ધરાવતા હોવાથી ભાષાની ઉત્ક્રાંતિ અને સમય દર્શાવવાની પદ્ધતિ અંગેના સંશોધનમાં મદદરૂપ છે. કેટલીકવાર તેઓ ધાર્મિક મહત્ત્વ ધરાવતા હોવાથી તેને કોઈ નુકસાન ન કરતા હોવાથી ખજાનો છુપાવેલી જગ્યાને અંકિત કરવા પણ વપરાયાં છે. ■ sanjogpurti@gmail.com

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ “ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

# અમરેલીમાં ઉમિયા પ્લાયવુડનો સંતો, આગેવાનોના હસ્તે પ્રારંભ


**પોકાર ગ્રુપ પરિવારને નવતર સોપાન બદલ શુભકામના પાઠવવામાં આવી**



અમરેલી,તા.૧૦

અમરેલી ખાતે ઉમિયા પ્લાયવુડનો ભવ્ય શુભારંભ કરવામાં આવ્યો. આ પ્રસંગે બીએપીએસ સ્વામિનારાયણ સંપ્રદાયના સંતોના વરદ હસ્તે ઓપનિંગ કરવામાં આવ્યું હતું, અને અનેક રાજકીય, સામાજિક તથા ઉદ્યોગ જગતના અગ્રણીઓ ઉપસ્થિત રહીને પોકાર ગ્રુપ પરિવારને આ નવતર સોપાન બદલ શુભકામનાઓ પાઠવી હતી. આ શુભ પ્રસંગે પૂર્વ કેન્દ્રીય મંત્રી અને રાજકોટ લોકસભાના સાંસદ પરસોતમભાઈ રૂપાલા, IFFCO અને NCUI નાં ચેરમેન દિલીપભાઈ સંઘાણી, રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરિયા, પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા, પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, અમરેલી વિસ્તારના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, ભરતભાઈ ચૌહાણ, વસંતભાઈ મોવલિયા, મનીષભાઈ સંઘાણી, અમરેલી નાગરિક બેંકના ચેરમેન પી. પી. સોજીત્રા, માર્કેટિંગ યાર્ડના ચેરમેન શૈલેષભાઈ સંઘાણી, ચતુરભાઈ ખૂંટ, હસમુખ પટેલ, કાળુભાઈ રૈયાણી, વિદ્યાસભાના કેમ્પસ ડાયરેક્ટર્સ વસંતભાઈ પેથાણી, ખોડલધામના ટ્રસ્ટીઓ, અમરેલી વેપારી મહામંડળ, અમરેલી ડિસ્ટ્રિક્ટ ચેમ્બર, રોટરી ક્લબ ઓફ ગીર, સરદાર ધામના ટ્રસ્ટીઓ, લાયન્સ ક્લબના સભ્યો, કરિયાણા એસોસિએશન, ટાવર ચોક એસોસિએશન, તેમજ અમરેલીની વિવિધ સંસ્થાઓના અગ્રણીઓ અને વેપારીઓ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ પોકાર ગ્રુપ પરિવારને તેમના નવા વ્યવસાયિક સાહસ માટે શુભેચ્છાઓ પાઠવી હતી અને તેમના ઉજ્જવળ ભવિષ્યની કામના કરી હતી.

## વડાપ્રધાન નરેન્દ્રમોદીની કેનેડા મુલાકાત પહેલા સરેમાં ફાયરીંગ



સરે,તા.૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કેનેડા મુલાકાત પહેલા, સરે વિસ્તારમાં એક ઉદ્યોગપતિના ઘરની બહાર ફાયરિંગ થયું હતું. આ ઘટના ત્યારે બની જ્યારે થોડા દિવસો પહેલા પ્રોપર્ટી માલિકને લગભગ ૨૦ લાખ ડોલરની ખંડણી માંગતો ફોન આવ્યો હતો. આ ઘટના કેનેડાના સરેમાં રિફ્લેક્શન બેન્ક્વેટ હોલની બહાર બની હતી. આ ફોન પ્રોપર્ટીના માલિક અને લક્ષ્મી નારાયણ મંદિરના પ્રમુખ સતીશ કુમારને આવ્યો હતો. જ્યારે સતીષ કુમારે પૈસા આપવાનો ઈનકાર કર્યો, ત્યારે બદમાશોએ તેમની મિલકત પર ફાયરિંગ કર્યુ. હાલમાં, કેનેડિયન પોલીસ આ મામલાની તપાસ કરી રહી છે.

## દેશના ૧૮ શહેરોમાં તાપમાનનો પારો ૪૫ ડિગ્રીને પાર, બે દિવસ હીટવેવનું ઓરેન્જ એલર્ટ



ન્યુ દિલ્હી,તા.૧૦


દેશના ઉત્તરીય રાજ્યોમાં કાળઝાળ ગરમી પડી રહી છે. સોમવારે દેશના ૬ રાજ્યોના ૧૮ શહેરોનું તાપમાન ૪૫ ડિગ્રીને પાર રહ્યું હતું. આ રાજ્યોમાં રાજસ્થાન, હરિયાણા, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, દિલ્હી અને ઓડિશાનો સમાવેશ થાય છે. રાજસ્થાનનું શ્રીગંગાનગર ૪૭.૩ ડિગ્રી સેલ્સિયસ સાથે દેશમાં સૌથી ગરમ રહ્યું છે. પંજાબ, હરિયાણા, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ સહિત દિલ્હી-એનસીઆરના મોટાભાગના જિલ્લાઓમાં હીટવેવ અને ભીષણ ગરમીનું એલર્ટ આપવામાં આવ્યું છે. દિલ્હીમાં આજે પણ તાપમાન ૪૫ ડિગ્રી નજીક જઈ શકે છે. રાજ્યમાં આગામી બે દિવસ માટે હીટવેવનું ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. હવામાન વિભાગે રાજસ્થાનમાં ભાષણ ગરમીના કારણે રેડ એલર્ટ જાહેર કર્યુ છે. જેસલમેર, બાડમેર, જોધપુર, પાલી, જાલોર અને સિરોહી જેવા પશ્ચિમી જિલ્લાઓ સૌથી વધુ અસરગ્રસ્ત થયા છે. હરિયાણામાં પણ સોમવારે તાપમાન ૪૫ ડિગ્રીને પાર કરી ગયું હતું. સિરસા ૪૬.૪ ડિગ્રી તાપમાન સાથે રાજ્યમાં સૌથી ગરમ રહ્યું હતું. બીજી તરફ આસામમાં પૂરની સ્થિતિમાં સુધારો થયો છે, પરંતુ રાજ્યના ૧.૬૩ લાખ લોકો હજુ પણ પૂરથી અસરગ્રસ્ત છે. આ વર્ષે રાજ્યમાં પૂર અને ભૂસ્ખલનની ઘટનાઓમાં ૨૭ લોકોના મોત થયા છે. હાલમાં કોઈ પણ નદી ભયજનક નિશાનથી ઉપર વહી રહી નથી.

## ઓડિશાના ગજપતિ જિલ્લામાં બળાત્કારના આરોપીની હત્યા કરી લાશ સળગાવી દીધી

ગજપતિ,તા.૧૦

ઓડિશાના ગજપતિ જિલ્લામાં, ૬૦ વર્ષીય બળાત્કારના આરોપીની હત્યા કરીને તેના મૃતદેહને સળગાવી દેવામાં આવ્યો હતો. પોલીસે ૮ મહિલાઓ અને ૨ પુરુષો સહિત ૧૦ લોકોની ધરપકડ કરી છે. પોલીસે ગામથી લગભગ ૨ કિમી દૂર જંગલ વિસ્તાર નજીક એક ટેકરી પરથી મૃતકના હાડકાં અને રાખ મળી આવી હતી. પોલીસે જણાવ્યું હતું કે પકડાયેલી બધી મહિલાઓ જાતીય શોષણનો ભોગ બની હતી. પોલીસે જણાવ્યું હતું કે માર્યો ગયેલો વ્યક્તિ લાંબા સમયથી મહિલાઓનું શોષણ કરતો હતો. ૩ જૂનના રોજ તેણે ૫૨ વર્ષીય વિધવા મહિલા પર બળાત્કાર ગુજાર્યો હતો. ઘટના પ્રકાશમાં આવ્યા પછી, મહિલાઓએ એક મીટિંગ કરી અને આરોપીને મારી નાખવાનો નિર્ણય લીધો. પોલીસે જણાવ્યું કે, બધી મહિલાઓ આરોપીના ઘરે ગઈ તે સમયે તે સૂતો હતો. પછી તેઓએ તેના પર કુહાડીથી હુમલો કર્યો. હત્યા પછી, મૃતદેહને જંગલમાં લઈ જઈને સળગાવી નાખવામાં આવ્યો. આ ઘટનામાં બે પુરુષોએ પણ મહિલાઓને મદદ કરી હતી.

## ભારતીય સેનાને ક્વિક રિએક્શન સરફેસ ટુ એર મિસાઈલ સિસ્ટમ મળે તેવી સંભાવના



ન્યૂ દિલ્હી,તા.૧૦

ભારતીય સેનાને ટૂંક સમયમાં નવી હવાઈ સંરક્ષણ પ્રણાલી મળી શકે છે. સંરક્ષણ અધિકારીઓના જણાવ્યા અનુસાર, સંરક્ષણ મંત્રાલય ચીન અને પાકિસ્તાન સરહદ પર તૈનાત કરવા માટે ક્વિક રિએક્શન સરફેસ ટુ એર મિસાઈલ સિસ્ટમ (QRSAM) ની ત્રણ રેજિમેન્ટ ખરીદવાનું વિચારી રહ્યું છે. આ સોદો રૂા.૩૦ હજાર કરોડનો હશે.QRSAM દિવસ અને રાત બંને સમયે અસરકારક છે, તેનું સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ સંરક્ષણ પ્રણાલી સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (DRDO) દ્વારા વિકસાવવામાં આવી છે. તેને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જઈ શકાય છે. QRSAM સિસ્ટમ ટૂંકા સમયમાં ગતિશીલ લક્ષ્યોને શોધી કાઢવા, ટ્રેક કરવા અને ગોળીબાર કરવાની ક્ષમતા ધરાવે છે. લગભગ ૩૦ કિમીની રેન્જ સાથે, QRSAM મધ્યમ રેન્જ સરફેસ ટુ એર મિસાઈલ સિસ્ટમ (MRSAM) અને આકાશ જેવી હાલની હવાઈ સંરક્ષણ પ્રણાલીઓને મધ્યમથી ટૂંકા અંતરમાં ટેકો આપશે.

## બગસરાના સાપર ગામે સિંહો દ્વારા ૩૨ ઘેટા-બકરાના મારણથી લોકો ભયભીત



તસવીર : હાર્દિક બામટા

બગસરા,તા.૧૦

બગસરાના સાપર ગામે ગઈકાલે વહેલી સવારે સિંહો દ્વારા ભરવાડના વંડામાં ઘૂસીને એક સાથે ૩૨ જેટલા ઘેટા બકરાનું મારણ કરવામાં આવ્યું હતું. અહીં વારંવાર સિંહો દ્વારા ઢોર તેમજ ઘેટા બકરા પર મારણ કરવાના કિસ્સા બની રહ્યા છે. વહેલી સવારે ચારથી પાંચ વાગ્યાના અરસામાં સિંહોએ સોમાભાઈ પાંચાભાઈ શિયાળના વંડામાં એક સાથે જ્યાં ૪૨ જેટલા ઘેટા-બકરા બાંધેલા હતા ત્યાં હુમલો કર્યો હતો. આ ભરવાડ પોતે વિકલાંગ હોવાથી તેમનું ગુજરાન આ ઘેટા બકરાના સહારે ચલાવતા હતા. આ હુમલામાં દસેક જેટલા ઘેટા બકરા ઈજાગ્રસ્ત પણ થયા હતા. આ બાબતની જાણ વન તંત્રને કરાતા તેઓ ત્યાં તત્કાલ દોડી આવ્યા હતા. આ તમામ મૃત ઘેટા બકરાને ઘટના સ્થળેથી ખસેડ્યા હતા. આ ઘટનાથી લોકોમાં ભય વ્યાપ્યો હતો. આવા હિંસક પ્રાણીઓને ગામની હદમાંથી ખદેડવામાં આવે તેવી લોકોની માંગ છે. ગ્રામજનોએ સોમાભાઈને વળતર ચૂકવવાની માગણી કરી હતી જેથી તેઓ ફરી પોતાનું ગુજરાન ચલાવવા માટે નવા ઘેટા બકરા ખરીદી શકે.

## વેરાવળ સમસ્ત ખારવા સમાજ દ્વારા સરસ્વતી સન્માન સમારોહ યોજાયો

**શહેર ભાજપ પ્રમુખ શૈલેષભાઈ મેસવાણીયાની ખાસ ઉપસ્થિતિ**



તસવીર : કૈલાશ ભટ્ટ

ઉના,તા.૧૦

વેરાવળ સમસ્ત ખારવા સમાજ સાગરપુત્ર ફાઉન્ડેશન દ્વારા આયોજિત સરસ્વતી સન્માન સમારોહ યોજાયા હતો. જેમાં સાગર ફાઉન્ડેશનના અધ્યક્ષ દામજીભાઈ પટેલ અધ્યક્ષ લખમણભાઈ ભેંસલા, જગદીશભાઈ ફોફંડી પૂર્વ પ્રમુખ, પિયુષભાઈ ફોફંડી, તુલસીભાઈ ગોહેલ સમાજના સૌ અગ્રણીઓ શહેર ભાજપ પ્રમુખ શૈલેષભાઈ મેસવાણીયા, માનસિંહભાઈ પરમાર હાજર રહ્યા હતા.

## ગીર સોમનાથ રેન્જ ફોરેસ્ટ ઓફિસર રસીલાબેન વાઢેર 'સેવ ધ સ્પીસીસ એવોર્ડ'થી સન્માનિત



ગીર સોમનાથ,તા.૧૦

ગીર સોમનાથના રેન્જ ફોરેસ્ટ ઓફિસર રસીલાબેન વાઢેરને તેમની સાસણ રેન્જ ફોરેસ્ટ ઓફિસર તરીકેની ફરજ દરમિયાન રેસ્ક્યુ ફોરેસ્ટરમાં કરેલી ઉત્કૃષ્ટ કામગીરી બદલ સન્માનિત કરવામાં આવ્યા છે. નેટવેસ્ટ ગ્રુપ અર્થ હીરોઝ "સેવ ધ સ્પીસીસ એવોર્ડ ૨૦૨૦" માટે તેમની પસંદગી કરવામાં આવી હતી. આ એવોર્ડ તેમને ઓનલાઈન (વર્ચ્યુઅલી) એનાયત કરવામાં આવ્યો હતો, જેનાથી સમગ્ર ગુજરાત વન વિભાગની કામગીરીને બિરદાવવામાં આવી હતી.


## ગોવાના આરોગ્ય મંત્રીને નાયક બનવુ ભારે પડ્યુ : સ્ટુડીયો માફી અસ્વીકાર્ય



ગોવા,તા.૧૦

ગોવા મેડિકલ કોલેજ અને હોસ્પિટલ (GMCH) ના મુખ્ય તબીબી અધિકારી (CMO) ડૉ. રુદ્રેશ કુટ્ટીકરે ગોવાના આરોગ્ય પ્રધાન વિશ્વજીત રાણેની માફીને નકારી કાઢી છે. ડૉ. કુટ્ટીકરે એક પ્રેસ કોન્ફરન્સ યોજી અને કહ્યું કે રાણેની માફી ફક્ત "સ્ટુડિયો માફી" છે અને તેને સ્વીકારી શકાય નહીં. તેમણે માંગણી કરી છે કે મંત્રીએ તે જ હોસ્પિટલના વોર્ડમાં આવવું જોઈએ જ્યાં તેમનું અપમાન થયું હતું અને જાહેરમાં માફી માંગવી જોઈએ. સોમવારે અગાઉ મંત્રી વિશ્વજીત રાણેએ CMO પાસે ગેરવર્તણૂક માટે માફી માંગી હતી. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર કહ્યું હતું કે મેં હીટ ઓફ ધ મૂમેન્ટમાં જે પ્રકારથી સ્થિતિને હેન્ડલ કરી, તેનું મને ખૂબ જ દુઃખ છે. તે જ સમયે, GMCHના ડોક્ટરોએ હડતાળ ચાલુ રાખવાનો નિર્ણય લીધો છે. ડોક્ટરોનું કહેવું છે કે જ્યાં સુધી મંત્રી જાહેરમાં માફી નહીં માંગે ત્યાં સુધી તબીબી સેવાઓ બંધ રહેશે.

## ઓસ્ટ્રિયાના ગ્રાઝ શહેરની શાળામાં અંધાધૂંધ ગોળીબાર, ૧૧ના મોત




ગ્રાઝ,તા.૧૦

ઑસ્ટ્રિયાના ગ્રાઝ શહેરમાં મંગળવારે એક સ્કૂલમાં થયેલા ગોળીબારમાં ૧૧ લોકોના મોત નીપજ્યા છે, જ્યારે અનેક ઈજાગ્રસ્ત થયા છે.

પોલીસ અધિકારીના જણાવ્યાનુસાર, ગોળીબાર કરનાર વ્યક્તિ વર્ગખંડમાં ઘૂસી ગયો હતો અને અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. ગોળીબારનો ભોગ બનેલા લોકોમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને અન્ય લોકોનો સમાવેશ થાય છે. જોકે, શંકાસ્પદ હુમલાખોર એક વિદ્યાર્થી હોવાનું કહેવાય છે, જેણે ગોળીબાર બાદ આત્મહત્યા પણ કરી હતી. તેનો મૃતદેહ સ્કૂલના બાથરૂમમાંથી મળી આવ્યો હતો. અહેવાલો અનુસાર, ગ્રાઝ શહેરમાં બોર્ગ ડ્રેયર્સચ્યુત્ઝેંગાસે હાઈ સ્કૂલમાં એક વિદ્યાર્થી બંદૂક લઈને પહોંચ્યો અને તેની સામે આવનારા લોકો પર અંધાધૂંધ ગોળીબાર શરૂ કરી દીધો. ત્યારે બાદ આ વિદ્યાર્થીએ વોશરૂમમાં જઈને પોતાને ગોળી મારીને આત્મહત્યા કરી લીધી. પોલીસ પ્રવક્તા સાબરી યોર્ગુને જણાવ્યું હતું કે, 'સવારે ૧૦ વાગ્યે (ઑસ્ટ્રિયાના સમય મુજબ) ઘટનાની જાણ થયા બાદ વિશેષ દળને હાઈ સ્કૂલમાં મોકલવામાં આવ્યા હતા. સ્કૂલને ખાલી કરાવવામાં આવી છે અને વિદ્યાર્થીઓ અને સ્ટાફ બંનેને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. હાલ આ ઘટનાની તપાસ કરી રહ્યા છે.

## કોડીનારના ફાફણી ગામના પાંચ યુવાનો અગ્નીવિરની તાલીમ પૂર્ણ કરી વતન આવતા ભવ્ય સ્વાગત




તસવીર : અનીલ કાનાબાર

કોડીનાર,તા.૧૦

કોડીનાર તાલુકાના ફાફણી ગામના પાંચ યુવાનો ગત વર્ષે અગ્નીવિરની ભરતીમાં પસંદગી પામ્યા હતા. આ પાંચેય યુવાનોએ તેની આકરી તાલીમ પૂર્ણ કરી વતન પરત આવતા ગ્રામજનોએ તેમનું ભવ્ય સ્વાગત કર્યુ હતું. ડોળાસા નજીકના નાની અને મોટી ફાફણી ગામો સાંગાવાડી નદીના બંને કિનારે વસેલા ગામો છે. બન્ને ગામોની જૂથ ગ્રામ પંચાયત છે. આ ગામના પાંચ યુવાનો અગ્નીવિરમાં જોડાયા બાદ લખનૌ, બેંગલોર અને સિકંદરાબાદ ખાતે તાલીમ પૂર્ણ કરી વતન પરત ફર્યા હતા. તેમનું સ્વાગત કરવા માટે બંને ગામોના લોકો ઉમટી પડ્યા હતા અને ડીજેના તાલે એક વિશાળ રેલી નીકળી હતી, જે ગામના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ હતી. ફાફણી ગામના ૨૫થી વધુ યુવાનો સરહદ ઉપર દેશની રક્ષા કરી રહ્યા છે. જેમાં વધુ આ પાંચ યુવાનો વાજા હાર્દિક મેઘાભાઈ, વાળા કૈલાશ નારણભાઈ, બાંભણીયા જીગર જગુભાઈ, પરમાર હાર્દિક દુદભાઈ અને ચડાસમાં અલ્પેશભાઈ વરજાંગભાઈનો સમાવેશ થાય છે.

# કોટડાસાંગાણીના રાજગઢ-ખાંડાધાર રોડ બે બાઈક વચ્ચે અકસ્માત : બેના મોત

ગોંડલ,તા.૧૦

કોટડાસાંગાણી તાલુકાના રાજગઢ-ખાંડાધાર રોડ પર બે મોટરસાયકલ વચ્ચે ભયાનક અકસ્માત સર્જાતા બે યુવાનોના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતા, જ્યારે અન્ય એક યુવાનને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. આ બનાવને પગલે મૃતકોના પરિવારમાં અને મિત્ર વર્તુળમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.


તસવીર : ભોજાણી દેવાંગ

આ દુર્ઘટનામાં રામોદ ગામના રહેવાસી રોહિત દીપકભાઈ રાઠોડ (ઉ.વ. ૨૪) અને રાજકોટના વતની (મૂળ રામપરા-નવાગામ) કરણભાઈ કમલેશભાઈ દિવેચા (ઉ.વ. ૨૮)નું મૃત્યુ થયું હતું. રોહિત રાઠોડ શક્તિમાન કંપનીમાં નોકરી કરતો હતો અને પોતાની ફરજ પૂરી કરી તેના સાથી કર્મચારી કિશન રસિકભાઈ પડાળીયા (ઉ.વ. ૨૩) સાથે બાઈક પર પોતાના ગામ રામોદ પરત ફરી રહ્યો હતો. તે સમયે સામેથી આવી રહેલા કરણભાઈ દિવેચાના બાઈક સાથે તેમની બાઈકની જોરદાર ટક્કર થઈ હતી. કરણભાઈ પોતાની દીકરી અને બહેનને રામપરા નવાગામ મૂકીને રાજકોટ પરત જઈ રહ્યા હતા ત્યારે આ અકસ્માત નડ્યો હતો. અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા કિશન પડાળીયાને તાત્કાલિક સારવાર માટે પ્રથમ ગોંડલની અને ત્યારબાદ વધુ સારવાર અર્થે રાજકોટની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

# રાજયમાં આગામી ૭ દિવસ સુધી હવામાનમાં કોઈ ફેરફાર નહી થાય : હવામાન વિભાગ

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૧૦

ગુજરાતમાં ક્યાંક કાળઝાળ ગરમી તો ક્યાંક વરસાદ પડી રહ્યો છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, ગુજરાતમાં આગામી સાત દિવસ આવી જ સ્થિતિ રહેશે. ગુજરાતીઓને ચોમાસાની હજી રાહ જોવી પડે તેવું પણ હવામાન વિભાગે જણાવ્યુ છે.હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના મોસમ વૈજ્ઞાનિક, પ્રદિપ શર્માએ




ગુજરાતના હવામાન અંગે આગાહી કરી છે. જેમા તેમણે જણાવ્યુ છે કે, ગુજરાતમાં હાલ પશ્ચિમના પવનો ફૂંકાઈ રહ્યા છે આ સાથે ભેજની સ્થિતિ પણ છવાયેલી છે જેના કારણે આગામી સાત દિવસ વરસાદ પડવાની સંભાવના છે. હવામાન વિભાગના વેધર મેપ પ્રમાણે, ૧૦, ૧૧ અને ૧૨મી જૂને અમરેલી, ભાવનગર, ગીરસોમનાથ, દીવ, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ અને દાદરાનગર હવેલીમાં છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી આપવામાં આવી છે. હવામાન વિભાગે આપેલા વેધર મેપ પ્રમાણે, ૧૩ અને ૧૪મી તારીખના રોજ, અમરેલી, ભાવનગર, ગીરસોમનાથ, દીવ, ભરૂચ, વડોદરા, પંચમહાલ, દાહોદ, સુરત, નર્મદા, છોટાઉદેપુર, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ અને દાદરાનગર હવેલીમાં છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી આપવામાં આવી છે. ૧૬મી તારીખે વરસાદની તીવ્રતા વધી રહી હોય તેમ લાગી રહ્યુ છે.

# કોંગ્રેસ નેતા ભરતસિંહ સોલંકીનો ઘરનો ઝગડો ફરી જાહેરમાં સામે આવ્યો

(એચ.એસ.એલ),આણંદ,તા.૧૦

કોંગ્રેસ નેતા ભરતસિંહ સોલંકીનો ગૃહ કલેશ ફરી જાહેરમાં સામે આવ્યો છે. ભરતસિંહના પત્ની રેશ્મા અને ભરતસિંહના સ્ત્રી મિત્ર રિદ્ધિ રાજપૂત સામ-સામે આવ્યા છે. આણંદ વિદ્યાનગર રોડ પર જાહેરમાં બંને સામ-સામે આવ્યા છે. તથા બંને વચ્ચે ઉગ્ર બોલાચાલીની ઘટના સીસીટીવીમાં કેદ થઈ છે.આઈસ્ક્રીમ પાર્લર બહાર રેશ્મા પટેલે રિદ્ધિ રાજપૂતને ધમકાવી હોવાની



ચર્ચા છે. જેમાં રેશ્મા પટેલ રિદ્ધિ રાજપૂતને ધમકાવતી હોવાના CCTV સામે આવ્યા છે. રેશ્માના મોબાઈલમાં વીડિયો રેકોર્ડિંગ કે વીડિયો કોલ ચાલુ હોય તેવુ જોવા મળ્યું છે. ઘટના અંગેની પોલીસે હજુ સુધી કોઈ સત્તાવાર માહિતી આપી નથી.

# ગાંધીનગરાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની ફિનલેન્ડના રાજદૂત સાથે મુલાકાત

ગાંધીનગર,તા.૧૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ભારતમાં ફિનલેન્ડના રાજદૂત કિમ્મો લાહદેવીર્તાએ ગાંધીનગરમાં શુભેચ્છા મુલાકાત લીધી હતી. ફિનલેન્ડમાં ગુજરાતના ઉદ્યોગ-રોકાણકારોને વેગ આપવા અંગે ચર્ચા થઈ હતી. આ ઉપરાંત ફિનલેન્ડ-ભારત, ગુજરાત વચ્ચે એજ્યુકેશન, સસ્ટેઈનેબિલિટી



અને ડેવલોપમેન્ટ માટેના પ્રયાસો વેગવાન બને તે અંગે પણ વાતચીત કરવામાં આવી હતી. ફિનલેન્ડની કોન્સ્યુલેટ ઓફિસ અમદાવાદમાં કાર્યરત છે. ફનલેન્ડના રાજદૂત આ સંદર્ભમાં તેમના પ્રતિનિધિ મંડળ સાથે ગુજરાતની મુલાકાતે આવ્યા હતા. અને તેમણે તેમના પ્રતિનિધિ મંડળ સાથે મુખ્યમંત્રીની મુલાકાત બાદ બેઠક યોજી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ફિનલેન્ડ સાથે કામ કરવા ઉત્સુક્તા બતાવી છે. ફિનલેન્ડે હેપીનેસ ઈન્ડેક્સ અને સ્કૂલ એજ્યુકેશનમાં જે સિદ્ધિ મેળવી છે તે વિશે જાણવામાં અને ફિનલેન્ડમાં કાર્યરત ફિનિશ સ્કૂલ સિસ્ટમનો અભ્યાસ કરવામાં ગુજરાતનો ઉત્સાહ દર્શાવ્યો હતો. તેમણે કહ્યું હતુ કે, પીએમ મોદીની લીડરશીપમાં ગુજરાત આજે એજ્યુકેશન અને સ્ટાર્ટઅપ સેક્ટરમાં અગ્રેસર છે. સ્ટાર્ટઅપને ફંડિંગ અને માર્કેટ સપોર્ટ આપીને આત્મનિર્ભર બનાવવા સરકાર સહયોગ કરે છે.

# અમદાવાદના જુહાપુરામાં કુખ્યાત શખ્સના ફાર્મહાઉસ પર બુલડોઝર

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૧૦

અમદાવાદના જુહાપુરામાં મંગળવારે સવારે મુખ્ય માર્ગની બાજુમાં સરકાર જમીન પર આવેલા ગેરકાયદે ઝુબેદા હાઉસને તંત્ર દ્વારા તોડી પાડવામાં આવ્યું છે. કથિત રીતે ઈતિહાસકાર નઝીર વોરા દ્વારા બનાવેલી તેમજ સંચાલિત આ મિલકત છેલ્લાં ઘણા સમયથી તપાસ હેઠળ હતી. કડક પોલીસ સુરક્ષા બંદોબસ્ત હેઠળ આ મિલકત તોડી પાડવામાં આવી હતી. કાયદો અને વ્યવસ્થા ન ખોરવાય




તે માટે વરિષ્ઠ અધિકારીઓને પણ તૈનાત કરવામાં આવ્યા હતા. અધિકારીઓએ પુષ્ટિ કરી હતી કે, આ મિલકત ૨૦,૦૦૦ ચોરસ ફૂટમાં સરકારી જમીન પર દબાણ કરીને બનાવવામાં આવી હતી, જેને નઝીર વોરા દ્વારા વોરા ફાર્મહાઉસના રૂપે બનાવી હતી.

# અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રા પૂર્વે પોલીસની બુલેટ માર્ચ

અમદાવાદ,તા.૧૦

આગામી ૨૭ જૂનના રોજ અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની ૧૪૮મી રથયાત્રા યોજાવાની છે. રથયાત્રાની પૂર્વતૈયારીઓના ભાગરૂપે આજે રથયાત્રાના સમગ્ર રૂટ પર પોલીસ દ્વારા બુલેટ માર્ચ કરવામાં આવી હતી. સેક્ટર ૧ જેસીપી અને જગન્નાથ મંદિરના મહંત દ્વારા લીલી ઝંડી બતાવી



બુલેટ માર્ચ શરૂ કરાવવામાં આવી હતી, જેમાં ૧૦૦ જેટલી બુલેટ બાઈક પર પોલીસ જવાનો દ્વારા રથયાત્રા રૂટ પર પેટ્રોલિંગ કરાયું હતું.રાતે ૧૦:૩૦ વાગ્યાથી પોલીસકર્મીઓ દ્વારા પેટ્રોલિંગ શરૂ થયું હતું, જેઓ જગન્નાથ મંદિરથી નીકળીને રથયાત્રાના રૂટ જમાલપુર, ખાડિયા, પાંચકુવા, કાલુપુર, સરસપુર, પ્રેમદરવાજા, દરિયાપુર, દિલ્હી ચકલા, શાહપુર, માણેકચોક થઈને મંદિર સુધી પરત આવ્યા હતા. સમગ્ર રૂટ પર પોલીસ-બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો હતો. બુલેટ માર્ચમાં પીઆઇ, પીએસઆઈ સહિતના ૧૦૦થી વધુ પોલીસકર્મીઓ જોડાયા હતા.

# રાજયની ગ્રાન્ટેડ સ્કૂલમાં ૧૨,૫૦૦ શિક્ષકો, ૭૦૦ આચાર્યની ઘટ

ગાંધીનગર,તા.૧૦

ગુજરાતમાં આજથી શાળાઓમાં નવું શૈક્ષણિક સત્ર શરૂ થઈ ગયું છે. શાળા સંચાલક મહામંડળ ગુજરાતના અધ્યક્ષ ભાસ્કર પટેલના જણાવ્યા અનુસાર પરિસ્થિતિ અત્યંત ગંભીર છે. રાજયમાં ૪,૬૦૦ બે વર્ગની (ધોરણ ૯ અને ૧૦) અને ૩,૮૦૦ ચાર વર્ગની સ્કૂલો આવેલી છે. ૧૧ ફેબ્રુઆરી, ૨૦૧૧ના સરકારી જાહેરનામાથી રાજ્ય સરકારે શિક્ષકો અને આચાર્યોની ભરતી પોતાના હસ્તક લીધી હતી પરંતુ, ૨૦૧૧થી ૨૦૨૫ સુધીમાં ગ્રાન્ટેડ સ્કૂલોમાં કુલ ૧૨,૫૦૦ શિક્ષકોની ઘટ પડી છે, જેમાં માધ્યમિકમાં ૭,૦૦૦ અને ઉચ્ચતર માધ્યમિકમાં ૫,૫૦૦ શિક્ષકોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ૭૦૦ જેટલા આચાર્યોની પણ ઘટ છે.''વધુમાં જણાવ્યું કે, ''ગઈકાલે, ૯ જૂનથી રાજ્યની ગુજરાત બોર્ડની શાળાઓમાં કેજી થી ધોરણ ૧૨નું શૈક્ષણિક કાર્ય શરૂ થઈ ગયું છે, તેમ છતાં આ ઘટ યથાવત છે. સરકારે કેન્દ્રીય ભરતી સમિતિની રચના કરી છે, પરંતુ તે સમિતિ યોગ્ય રીતે કામ કરી રહી નથી. જાહેરનામા મુજબ જિલ્લા શિક્ષણ અધિકારીએ વર્ષમાં બે વખત પોતાના જિલ્લાની શાળામાં ખાલી પડેલી જગ્યાઓની માહિતી કમિશનર કચેરીને મોકલવાની હોય છે. આ ખાલી જગ્યાઓ મૃત્યુ, રાજીનામા અથવા વય નિવૃત્તિને કારણે હોઈ શકે છે. આ જગ્યાઓ ભરવાની જવાબદારી કમિશનર કચેરીમાં આવેલી કેન્દ્રીય ભરતી સમિતિની છે, પરંતુ તેમાં થઈ રહેલી ઢીલને કારણે ગુજરાતની ગ્રાન્ટેડ શાળાઓના બાળકોનું શિક્ષણ બગડી રહ્યું છે.''

# આજે દ્વારકામાં જ્યેષ્ઠાભિષેક-જળયાત્રા ઉત્સવ ! મંદિરે દર્શન સમયમાં ફેરફાર

(એચ.એસ.એલ),દ્વારકા,તા.૧૦

હાલારની ધરતી પર આવેલ ખ્યાતનામ અને વિશ્વ વિખ્યાત પવિત્ર યાત્રાધામ એટલે દ્વારકા. દ્વારકાના જગત મંદિરમાં હિન્દુ ધર્મના કાર્યક્રમની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવતી હોય છે. પૂનમના દિવસે એટલે કે આજે ૧૧મી જૂનના રોજ જ્યેષ્ઠાભિષેક-જળયાત્રા ઉત્સવને



લઈને શ્રીજીના દર્શનના સમયમાં ફેરફાર કરાયો છે. મંદિરમાં સવારે ૬ વાગ્યે મંગળા આરતી થશે અને સવારે ૮ વાગ્યા સુધી મંગળા દર્શન થશે.

ભક્તોમાં જે સૌથી વધુ મહત્વ ધરાવે છે તે મંગળા આરતી સવારે ૬ વાગ્યે યોજાશે. ત્યારબાદ ૬ થી ૮ વાગ્યા સુધી મંગલાદર્શન અને સવારે ૮:૦૦ વાગ્યાથી લઈને ૯:૦૦ વાગ્યા સુધી શ્રીજીને ખુલ્લા પડદે સ્નાન કરાવવામાં આવશે.

# વિસાવદર વિધાનસભાની ચૂંટણી પૂર્વે ૨૦૦ લોકો આપમાં જોડાયા

જૂનાગઢ,તા.૧૦



વિસાવદર વિધાનસભાની પેટાચૂંટણીને હવે આંગળીના વેઢે ગણાય એટલા જ દિવસો બાકી રહ્યા છે. આ ચૂંટણીમાં ભાજપ-કોંગ્રેસ વચ્ચે નહીં, પણ ભાજપ અને આમ આદમી પાર્ટી વચ્ચે સીધી ટક્કર હોય એવું લાગી રહ્યું છે. બંને પક્ષો એકબીજા પર આક્ષેપ કરી રહ્યા છે. આજે વિસાવદરના કોટડા ખાતે યોજાયેલી આમ આદમી પાર્ટીની સભામાં ઈસુદાન ગઢવીએ બંધારણ મુદ્દે ભાજપ પર આકરા પ્રહાર કર્યા હતા. આ કાર્યક્રમમાં ભાજપ-કોંગ્રેસ અને બીએસપી જેવા પક્ષ સાથે સંકળાયેલા ૨૦૦ જેટલા લોકો AAPમાં જોડાયા છે.

# સૌરાષ્ટ્રના જળાશયોમાં માત્ર ૨૮.૧૦% જ પાણી

ગાંધીનગર, તા.૧૦

આગામી દિવસોમાં ચોમાસાનું ગુજરાતમાં આગમન થવા જઈ રહ્યું છે. ત્યારે ગત વર્ષે સાર્વત્રિક અને પૂરતા પ્રમાણમાં વરસાદ થયો હોવાના પરિણામે હાલની સ્થિતિએ સરદાર સરોવર સહિત રાજ્યના ૨૦૭ જળાશયોમાં કુલ સંગ્રહ શક્તિના ૪૪.૧૮ ટકા જળ સંગ્રહ છે.ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં હાલમાં કુલ સંગ્રહશક્તિના ૫૩.૦૪ ટકા પાણી ઉપલબ્ધ



છે. જેમાંથી આગામી સમયમાં નાગરિકોને જરૂરી પાણી ઉપલબ્ધ કરવામાં આવશે.હાલની સ્થિતિએ મધ્ય ગુજરાતના ૧૭ જળાશયોમાં સૌથી વધુ ૪૪.૦૮ ટકા જળ સંગ્રહ, દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયોમાં ૪૩.૨૫ ટકા જળ સંગ્રહ,ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૨૯.૩૮ ટકા, સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં ૨૮.૧૦ ટકા અને કચ્છના ૨૦ જળાશયોમાં ૨૭.૫૭ ટકાથી વધુ જળ સંગ્રહ ઉપલબ્ધ છે.આ સિવાય સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલા ધોળીધજા તેમજ મોરબીના મચ્છુ-૩ જળાશયમાં હાલ ૯૧ ટકાથી વધુ પાણી ઉપલબ્ધ છે.રાજ્યના ૦૬ જળાશયો ૭૦થી ૧૦૦ ટકા ભરાયેલા છે.






# રાજકોટમાં કોરોનાથી પ્રથમ મોત : આધેડે સિવિલ હોસ્પિટલમાં દમ તોડ્યો

**શહેરમાં કોરોનાના કુલ દર્દીઓનો આંકડો ૧૧૬ પર પહોંચ્યો**

રાજકોટ,તા.૧૦

રાજકોટમાં કોરોનાથી પહેલું મોત નોંધાયું છે. ૫૫ વર્ષીય આધેડનું સિવિલ હોસ્પિટલમાં મોત થયું છે જેને છેલ્લા ચાર દિવસથી કોરોનાનાં લક્ષણો હતાં, ૩-૪ દિવસ ખાનગી હોસ્પિટલમાં સારવાર



લીધા બાદ ગઈકાલે સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા, જોકે સારવાર દરમિયાન આધેડનું મોત નીપજ્યું હતું. દર્દી હાઈપરટેન્શનની બીમારીથી પણ પીડિત હતા અને ડાયાબિટીસની બીમારી પણ ૩ દિવસ પહેલાં ડિટેક્ટ થઈ હતી. રાજકોટમાં કોરોના વાઈરસનો કહેર સતત યથાવત્ રહ્યો છે. આજે શહેરમાં કોરોનાના વધુ ૯ પોઝિટિવ કેસ નોંધાયા છે, જેમાં ૩ મહિલા અને ૬ પુરુષનો સમાવેશ થાય છે. આ નવા કેસો સાથે રાજકોટમાં કોરોનાના કુલ દર્દીઓનો આંકડો ૧૧૬ પર પહોંચી ગયો છે, જે ચિંતાજનક સ્થિતિ દર્શાવે છે. જોકે આ બધાની વચ્ચે એક સારા સમાચાર એ છે કે આજે ૭ દર્દીને કોરોનામુક્ત જાહેર કરવામાં આવ્યા છે.

**લોધીકાના પાળ ગામે નિવૃત શિક્ષક પાસે લાંચ માંગવાનું ભારે પડ્યુ**

# ગાયત્રી હાઈસ્કૂલના ક્લાર્ક અને ટ્રસ્ટી એસીબીના હાથે ઝડપાયા

રાજકોટ,તા.૧૦



રાજકોટ જિલ્લાના લોધીકા તાલુકાના પાળ ગામે આવેલ ગાયત્રી હાઈસ્કૂલના ક્લાર્ક ધર્મેન્દ્રભાઈ ભાનુશંકરભાઈ ખીરા અને ટ્રસ્ટી ગુણવંતરાય ચુનીલાલ ખીરા એસીબીના હાથે રંગે હાથ લાંચ લેતા ઝડપાઈ ચૂક્યા છે. આરોપીઓએ હાઈસ્કૂલના નિવૃત શિક્ષક પાસેથી મોંઘવારી એરીયર્સ સહિતની ૧૨.૧૫ લાખની રકમ પાસ કરાવવા રૂપિયા ૨ લાખની લાંચ માંગી હતી જે આપતા સમયે બન્ને આરોપીઓ વાણિયાવાડી વિસ્તારમાંથી રંગે હાથ ઝડપાઈ ગયા હતા. આરોપીઓની ધરપકડ કરી એસીબીએ વધુ તપાસ હાથ ધરી છે.